પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ વર્ષ : ૨૮ અંક : ૧૭૬ કુલ પાના : ૪ તારીખ : ૨૦-૦૩-૨૦૨૫ ગુરુવાર કિંમત રૂ.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## નાસાના અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સનું અવકાશયાન પૃથ્વી પર પરત આવી ગયા છે.સમગ્ર દુનિયામાં ખુશીનો માહોલ



નવીદિલ્હી

સ્પેસએક્સના ડ્રેગન કેપ્સ્યપલના સફળ સ્પ્લશડાઉન પછી નાસા ક્રૂ-૯ અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ નિક હેગ, બુચ વિલ્મોર અને રશિયન અવકાશયાત્રી એલેક્ઝાન્ડર ગોર્બુનોવે આખરે પૃથ્વી પર ૯ મહિના પછી પરત ફર્યા છે. અવકાશયાત્રીઓને સ્ટ્રેચર પર કેપ્સ્યુલમાંથી બહાર કાઢવામાં આવ્યા હતાં. લાંબા ગાળાના અવકાશ મિશનમાંથી પાછા ફરતા બધા અવકાશયાત્રીઓ માટે ખાસ સાવચેતી રાખવામાં આવી હતી. આ સ્પેસ કેપ્સૂલ યુએસ સમય અનુસાર સોમવાર – મંગળવાર રાત્રે ૧ વાગ્યા પછી તરત કેપ્સ્યુલ આંતરરાષ્ટ્રીય હબથી અલગ થઈ ગયું અને પછી સવારે ૫ : ૫૭ વાગ્યે ફ્લોરિડા કિનારે ઉતર્યું હતું.

ભારતીય મૂળના અમેરિકન અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર ૯ મહિના પછી પૃથ્વી પર પાછા ફર્યા છે. તેમની સાથે, ક્રૂ-૯ ના બે વધુ અવકાશયાત્રીઓ, નિક હેગ અને એલેક્ઝાન્ડર ગોર્બુનોવ પણ છે. આ લોકોને અવકાશ મથકથી પૃથ્વી પર પાછા ફરવામાં ૧૭ કલાક લાગ્યા. ચારેય અવકાશયાત્રીઓ ૧૮ માર્ચ, મંગળવારના રોજ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક છોડી ગયા. જ્યારે અવકાશયાન પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ્યું ત્યારે તેનું તાપમાન ૧૬૫૦ ડિગ્રી સેલ્સિયસને વટાવી ગયું. આ સમય દરમિયાન થોડા સમય માટે સંદેશાવ્યવહાર બંધ રહ્યો હતો. ડ્રેગન કેપ્સ્યુલને અલગ કરવાથી લઈને ફ્લોરિડાના દરિયામાં ઉતરાણ સુધી લગભગ ૧૭ કલાક લાગ્યા. ફ્લોરિડા કિનારે કેપ્સ્યુલ છલકાતાની સાથે જ, અવકાશયાત્રીઓનું ઘરે પાછા સ્વાગત કરતા અનેક ડોલ્ફિન તેની આસપાસ તરતા જોવા મળ્યા. તમને જણાવી દઈએ કે મંગળવારે સવારે અવકાશયાનનો દરવાજો બંધ થઈ ગયો અને થોડા સમય પછી અવકાશયાન અવકાશ સ્ટેશનથી અલગ થઈ ગયું. આ પછી, બુધવારે સવારે ૨:૪૧ વાગ્યે ડીઓર્બિટ બર્ન શરૂ થયું. એટલે કે, અવકાશયાનનું એન્જિન ભ્રમણકક્ષાથી વિરુદ્ધ દિશામાં ફાયર કરવામાં આવ્યું હતું. આ કારણે, અવકાશયાન પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ્યું અને સવારે ૩:૨૭ વાગ્યે તે ફ્લોરિડાના દરિયાકાંઠે પાણીમાં ઉતર્યું.

ડ્રેગન અવકાશયાનના સફળ ઉતરાણ પછી, સુનિતા વિલિયમ્સ સહિત તમામ અવકાશયાત્રીઓને બહાર કાઢવામાં આવ્યા હતા. ડ્રેગનમાંથી બહાર આવતાની સાથે જ બધા અવકાશયાત્રીઓએ કેમેરા તરફ જોયું, હાથ હલાવીને ઘરે પાછા ફરવાની ખુશી વ્યક્ત કરી.

નાસાના અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર ૯ મહિના અવકાશમાં વિતાવ્યા પછી સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછા ફર્યા છે. સુનિતા વિલિયમ્સ, તેમના પાછા ફરવા પર, ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો) એ કહ્યું, "સુનિતા વિલિયમ્સ, ફરી સ્વાગત છે!" ઈસરોએ કહ્યું, "આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર લાંબા મિશન પછી તમારું સુરક્ષિત વાપસી એક નોંધપાત્ર સિદ્ધિ છે." આ નાસા, સ્પેસએક્સ અને યુનાઈટેડ સ્ટેટ્સની પ્રતિબદ્ધતાનું એક અદ્ભુત ઉદાહરણ છે, જે સુનિતાએ પોતાની અપ્રતિમ હિંમત અને સમર્પણથી પૂર્ણ કર્યું.

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો) ના અધ્યક્ષે ખુશી વ્યક્ત કરતા કહ્યું કે મારા સાથીદારો વતી, હું સુનિતા વિલિયમ્સને હૃદયપૂર્વક અભિનંદન આપું છું અને તેમની સિદ્ધિઓનું સન્માન કરું છું. તેમનું કાર્ય એક પ્રેરણા છે જે ભવિષ્યમાં અવકાશ ક્ષેત્રે ભારતની નીતિઓને વધુ મજબૂત બનાવશે. ઈસરોએ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત એક વિકસિત રાષ્ટ્ર બનવા તરફ કામ કરી રહ્યું છે, આ દિશામાં, અમે અવકાશ સંશોધનમાં તમારી કુશળતાનો ઉપયોગ કરવા માંગીએ છીએ. ભારતીય મૂળની અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ હવે ટૂંક સમયમાં પૃથ્વી પર પરત ફરવાના છે. સુનિતા વિલિયમ્સ નવ મહિના પછી પૃથ્વી પર પરત ફરવાની છે. દુનિયાભરના લોકો તેમના પાછા ફરવાથી ખુશ છે, સુનિતા વિલિયમ્સ મૂળ ગુજરાતની દીકરી છે. ગુજરાતના મહેસાણા જિલ્લાનું ઝુલાસણ ગામ સુનિતા વિલિયમ્સનું મૂળ વતન છે. સુનિતા વિલિયમ્સના પિતા ડૉ.દીપક પંડ્યા ૧૯૫૭માં મેડિકલના અભ્યાસ માટે અમેરિકા ગયા હતા. અમેરિકામાં ઉર્સલિન સાથે તેમના લગ્ન થયા હતા. સુનિતાનો સપ્ટેમ્બર ૧૯૬૫માં યુક્લિડ શહેરમાં જન્મ થયો હતો. જેમને ૧૯૮૭માં ભૌતિક વિજ્ઞાનમાં ગ્રેજ્યુએટ થયા. સુનિતા વિલિયમ્સે ૧૯૯૫માં સાયન્સમાં માસ્ટર ડિગ્રી મેળવી હતી. માસ્ટર ડિગ્રી મેળવી સુનિતા વિલિયમ્સે માઈકલ વિલિયમ્સ સાથે લગ્ન કર્યા હતા.પતિ પાયલોટ અને ટેક્સાસમાં પોલીસ અધિકારી હતા. સુનિતા વિલિયમ્સ ૨ વખત પોતાના મૂળ વતન ઝુલાસણ આવી ચૂકી છે. સુનિતા વિલિયમ્સે ૨૦૦૭ અને ૨૦૧૩માં વતનની મુલાકાત લીધી હતી જ્યારે ગુજરાતમાં તેમનો પરિવાર પણ ખૂબ ખુશ દેખાય છે. આ ખુશી વચ્ચે, તેના પિતરાઈ ભાઈના ચહેરા પર ચિંતાની રેખાઓ જોવા મળી છે. બહેનના પાછા ફરવા પર સુનિતા વિલિયમ્સના ભાઈ દિનેશ રાવલે કહ્યું કે જ્યારે તે ખરેખર પૃથ્વી પર પગ મૂકશે ત્યારે જ તેમને શાંતિ આપશે. આખો પરિવાર અને ગામ તેમના માટે પ્રાર્થના કરી રહ્યું છે.

મીડિયા સાથે વાત કરતા દિનેશ રાવલે કહ્યું કે સુનિતા તેમના કાકાની દીકરી છે. અમારું કુટુંબ ખૂબ જ મર્યાદિત છે. જ્યારે તે જઈ રહી હતી, ત્યારે હું અમેરિકા ગયો. તે મને મળવા આવી હતી. અમે ત્રણ-ચાર દિવસ સાથે રહ્યા. મેં તમને પૂછ્યું કે તમે કેમ જાઓ છો. જાણવાની શું જરૂર છે? તે દુનિયાન

કંઈક આપવાના ઉદ્દેશ્ય સાથે બેઠી છે. એટલા માટે નિર્ણય લેવામાં આવ્યો.

અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સના પિતરાઈ ભાઈ દિનેશ રાવલે મીડિયા સાથે વાત કરતા તેમની બહેનના પાછા ફરવા પર ખુશી વ્યક્ત કરી છે, પરંતુ બીજી તરફ તેમણે ચિંતા પણ વ્યક્ત કરી છે. તેણે કહ્યું કે હું ખુશ દેખાઈ શકું છું, પણ મને ડર લાગે છે. અમે ફક્ત એટલું જ ઈચ્છીએ છીએ કે તે પૃથ્વી પર પાછો આવે અને સ્વસ્થ થઈને પાછો આવે.

કેપ્સ્યુલ પાણીમાં પડતાની સાથે જ આ ઓપરેશનમાં સામેલ અધિકારીઓએ રાહતનો શ્વાસ લીધો. કેપ્સ્યુલ પૃથ્વી પર પહોંચતાની સાથે જ તેને રિકવરી જહાજ પર ઉપાડવામાં આવ્યું. બાજુનો હેચ ખોલીને ચારેય અવકાશયાત્રીઓને બહાર કાઢવામાં આવ્યા. ક્રૂ-૯ કમાન્ડર નિક હેઈ ગ્રાઉન્ડ ક્રૂની મદદથી ડ્રેગન કેપ્સ્યુલમાંથી બહાર નીકળનારા સૌપ્રથમ હતા. આ પછી રોસકોસ્મોસ અવકાશયાત્રી એલેકઝાન્ડર ગોર્બુનોવ બહાર આવ્યા. ત્યારબાદ સુનિતા વિલિયમ્સ બહાર આવ્યા હતા. કેપ્સ્યુલથી બહાર નીકળ્યા બાદ તેમણે ચહેરા પર ખુશીના હાવભાવ સાથે હાથ લહેરાવ્યો હતો અને ૯ મહિના બાદ ગુરુત્વાકર્ષણનો અનુભવ કર્યો હતો. બૂચ વિલ્મોર કેપ્સ્યુલમાંથી બહાર નીકળનારા છેલ્લા અવકાશયાત્રી હતા. એસ્ટ્રોનોટ સુરક્ષિત રીતે બહાર આવ્યા ત્યારે બધા ખુશ દેખાતા હતા, જેનો વીડિયો સામે આવ્યો છે.

નોંધનીય છે કે, આ અવકાશયાત્રીઓ મંગળવારે અવકાશથી રવાના થયા હતા અને ૧૭ કલાકની મુસાફરી પછી પૃથ્વી પર પાછા ફર્યા હતા. તેમના માટે સૌથી મોટું આશ્ચર્ય એ હતું કે અવકાશયાન પાણીમાં ઉતરતાની સાથે જ ડોલ્ફિનનું એક જૂથ તેમનું સ્વાગત કરવા આવ્યું. હવે તેમને હ્યુસ્ટન મોકલવામાં આવશે જ્યાં તેઓ ૪૫ દિવસના પુનર્વસન કાર્યક્રમમાંથી પસાર થશે.

એલન મસ્કની સ્પેસએક્સ કંપનીએ ક્રૂ-૯ અવકાશયાત્રીઓને સુરક્ષિત રીતે પૃથ્વી પર લાવવાની જવાબદારી લીધી હતી. આ મિશન ડ્રેગન કેપ્સ્યુલનો ઉપયોગ કરીને હાથ ધરવામાં આવ્યું હતું, જેને ફાલ્કન ૯ રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું. હવે ક્રૂ-૧૦ એ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર કામગીરી સંભાળી લીધી છે. સુનિતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોરે ૫ જૂન, ૨૦૨૪ના રોજ બોઈંગના સ્ટારલાઈનર વિમાનમાં આઈએસએસ માટે ઉડાન ભરી હતી, જ્યાં તેઓ આઠ દિવસ રોકાવાના હતા. જોકે, સ્ટારલાઈનરને પ્રોપલ્શન સમસ્યાઓનો અનુભવ થતાં તેઓ ત્યાં જ ફસાઈ ગયા.`

## પૃથ્વી પર આવ્યાં બાદ સુનિતા વિલિયમ્સના વતન મહેસાણાના ઝુલાસણ ગામમાં પ્રાર્થના અને ભવ્ય ઉજવણી



મહેસાણા

અમેરિકન સ્પેસ એજન્સી નાસાના અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોર ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનથી પૃથ્વી પર આવી ગયા છે. સમગ્ર વિશ્વની નજર આ અવકાશયાત્રીઓની યાત્રા પર હતી. સુનિતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોર લગભગ ૯ મહિના પછી અવકાશમાંથી પરત આવી ગયા છે. તેઓ સ્પેસએક્સ ડ્રેગન કેપ્સ્યુલમાં સવાર થઈને ઘર વાપસી કરી છે. તેમના સફળ લેન્ડિંગની ઉજવણી આખા વિશ્વમાં અને ખાસ કરીને મહેસાણાના ઝુલાસણમાં રંગેચંગે થઈ રહી છે. માત્ર ભારત જ નહિ સમગ્ર વિશ્વની આ ઘટના પર નજર છે અને દેશ-દુનિયાના લોકો સુનિતા વિલિયમ્સ હેમખેમ ધરતી પર પરત આવી જાય તે માટે પ્રાર્થના કરી રહ્યા છે. ત્યારે મંગળવારની આખી રાત ઝુલાસણવાસીઓ પણ ઊંઘ્યા નથી. આખી રાત સુનિતા વિલિયમ્સ સફળતાપૂર્વક ત્યાં પહોંચી જાય તે માટે પ્રાર્થના કરતા રહ્યા છે.

સુનિતા વિલિયમ્સના મૂળ મહેસાણા જિલ્લાના ઝુલાસણ ગામ સાથે જોડાયેલા છે. મહેસાણા જિલ્લાનું ઝુલાસણ એક નાનકડું ગામ છે. જેની વસ્તી લગભગ ૭૦૦૦ની આસપાસ છે. સુનિતા વિલિયમ્સના પિતા અને દાદા-દાદી ઝુલાસણ ગામમાં રહેતા હતા.

સુનિતા વિલિયમ્સનો જન્મ અને ઉછેર અમેરિકામાં જ થયો છે. સુનિતા વિલિયમ્સના પિતા દિપક પંડ્યાનો જન્મ મહેસાણાના ઝુલાસણ ગામ ખાતે થયો હતો. તેઓ ડોક્ટર હતા અને તેમણે અમદાવાદમાં મેડિકલનો અભ્યાસ કર્યો હતો. એ પછી દિપક પંડ્યા અમેરિકા ગયા હતા અને તેમણે ત્યાં ઉર્સુલિન બોની સાથે લગ્ન કર્યાં હતાં. દંપતીને ત્રણ બાળકો થયા હતા. જય, દિના અને સુનિતા. સુનિતા વિલિયમ્સનો જન્મ ૧૯૬૫માં અમેરિકા ઓહાયો રાજ્યમાં થયો હતો. સુનિતાના પિતા હિન્દુ અને તેમનાં માતા કેથલિક હોવાથી તેઓ ઘરમાંથી જ દરેક ધર્મ પ્રત્યે આદર, સન્માન રાખતાં શીખ્યાં હતાં.એક અનુભવી અવકાશયાત્રી તરીકે, સુનિતા વિલિયમ્સનું નાસા સાથે લાંબુ અને પ્રતિષ્ઠિત કરિયર રહ્યું છે. તેમણે ઘણી અવકાશ યાત્રાઓ કરી છે. તેઓ અમેરિકન સ્પેસ એજન્સી નાસામાં કામ કરે છે, જે તેના અવકાશયાત્રીઓને યુએસ સરકારના પગાર ધોરણના આધારે પગાર આપે છે. આ પગાર જીએસ-૧૩થી જીએસ-૧૫ સુધીનો હોય છે. રિપોર્ટ્સ અનુસાર, સુનિતા વિલિયમ્સ સામાન્ય રીતે જી-૧૫ કેટેગરીમાં આવે છે અને નાસાના રેકોર્ડ્સ મુજબ, તેનો અર્થ એ છે કે તેમનો અંદાજિત વાર્ષિક પગાર લગભગ ૧૫૨,૨૫૮ (દર વર્ષે ૧.૨૬ કરોડ) છે.

## અમદાવાદનાં નરોડા વિસ્તારમાં એક નકલી દવાખાનું સામે આવ્યું છે. જેમાં હોસ્પિટલથી લઈને ડોક્ટર સહિત બધુજ નકલી




અમદાવાદ

લ્યો બોલો અત્યાર સુધી નકલી માલ,નકલી દારૂ,નકલી પોલીસ વગેરે પકડાયું હોવાનું તમે સાંભળ્યુ હશે થોડા સમય પહેલા નકલી કોર્ટ હોવાની ઘટના સામે આવી હતી. પરંતુ હવે તો હદ થઈ ગઈ આખે આખું નકલી દવાખાનું? જી હા અમદાવાદનાં નરોડા વિસ્તારમાં એક નકલી હોસ્પિટલ સામે આવી છે. જેમાં હોસ્પિટલથી લઈને ડોક્ટર સહિત બધુ જ નકલી છે. આ નકલી ડોક્ટર બનાવટી રીતે લોકોને ઠગતો અને પૈસા પડાવી તેમની સારવાર કરતો હતો.આપને જણાવી દઈએ આ સાનદાર થ્રી સ્ટાર હોસ્પિટલને આ ઠગ ડોક્ટર દ્વારા શરૂ કરવામાં આવી હતી. જેમાં આઈસીયુથી લઈને ટ્રોમા સેન્ટર પણ શરૂ કરાયેલું હતું. પરંતુ હવે તેની પોલ ખૂલતાં પોલીસે આ ઘટનાને લઈને કાર્યવાહી હાથ ધરી છે. તેમજ આ નકલી હોસ્પિટલના માલિકની ધરપકડ પણ કરવામાં આવી છે. એટલુજ નહીં આ ડિગ્રી અનેરજીસ્ટ્રેશન વગરની હોપિટલ સામે આવતા તંત્ર પણ દોડતું થયું છે. જાણકારી અનુસાર આ હોસ્પીટલમાં આ ઠગ ડોક્ટર દર્દીઓના એડમિટ હોવાનું દેખાડી તેમના મેડિકલેમ કરતો હતો અને ત્યાર બાદ તેનો લાભ ઉઠાવતો હતો.

આ સમગ્ર કૌભાંડની જાણ થતાં વીમા કંપનીએ હોસ્પીટલમાં તપાસ હાથ ધરી હતી જેમાં તેમને સમગ્ર હકીકતની જાણ થઈ હતી. અને આ હોસ્પિટલનો પર્દાફાસ થયો હતો. આપણે જણાવી દઈએ આ માહિતીના આધારે પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી જેમાં આ બધુ કૌભાંડ બહાર આવ્યું હતું. આ કેસમાં નકલી ડોક્ટર ધર્મેન્દ્ર ઉર્ફે સંજય પટેલની ધરપકડ કરવામાં આવી છે. આ બનાવ અંગે હાલ પોલીસે તપાસ હાથ ધરી છે. જેમાં નકલી સિક્કા, બનાવટી દસ્તાવેજો, બનાવટી સી ફોર્મ અને ખોટા અહેવાલો પોલીસે જપ્ત કર્યા છે. હોસ્પિટલ ખોટા બિલ, દર્દીઓ અને રિપોર્ટના આધારે મેડિક્લેમ તૈયાર કરતી હોવાનું બહાર આવ્યું છે.

## બંગાળ સરકારના કર્મચારીઓને ૬,૮૦૦ બોનસ મળશે, આ પગારથી ઓછો પગાર મેળવનારાઓને ભેટ મળશે

કોલકતા

પશ્ચિમ બંગાળ સરકારે એક ખાસ શ્રેણીના કર્મચારીઓ માટે સારા સમાચાર આપ્યા છે. રાજ્ય સરકારે તેના તમામ કર્મચારીઓને ૬,૮૦૦ રૂપિયાનું એડ-હોક બોનસ આપવાનો નિર્ણય લીધો છે જેઓ કોઈપણ ઉત્પાદકતા-સંલગ્ન બોનસ સિસ્ટમ હેઠળ આવતા નથી. ભાષા ન્યૂઝ અનુસાર, આ ખાસ બોનસ એવા કર્મચારીઓને આપવામાં આવશે જેમનો માસિક પગાર માર્ચ સુધી ૪૪,૦૦૦ રૂપિયાથી ઓછો છે. એક વરિષ્ઠ અધિકારીએ બુધવારે આ માહિતી આપી.

અધિકારીએ જણાવ્યું કે આ સંદર્ભમાં મંગળવારે નાણાં વિભાગ દ્વારા આદેશ જારી કરવામાં આવ્યો છે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે મુસ્લિમ સમુદાયના કર્મચારીઓને આ મહિનાના અંતમાં આવતી ઈદ-ઉલ-ફિત્ર પહેલા બોનસ મળશે, જ્યારે અન્ય લોકોને ૧૫-૧૯ સપ્ટેમ્બરના સમયગાળા દરમિયાન બોનસ મળશે. અધિકારીએ જણાવ્યું હતું કે પેન્શનરોને ૩,૫૦૦ રૂપિયાની એક્સ-ગ્રેશિયા મળશે. નાણા વિભાગના આદેશનો ઉલ્લેખ કરતા, અધિકારીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે માર્ચમાં ૫૨,૦૦૦ રૂપિયાથી વધુ માસિક પગાર ધરાવતા કર્મચારીઓને ૨૦,૦૦૦ રૂપિયા સુધીની વ્યાજમુક્ત એડવાન્સ આપવાનો પણ નિર્ણય લીધો છે.

અહેવાલો અનુસાર, પશ્ચિમ બંગાળ સરકારે રાજ્ય સરકારી કર્મચારીઓના એક વર્ગને એડ-હોક બોનસ આપવાનો નિર્ણય એવા સમયે લીધો છે જ્યારે સરકારી કર્મચારીઓનો એક વર્ગ મોંઘવારી ભથ્થાની માંગણી સાથે વિરોધ કરી રહ્યો છે. ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધી, જે કર્મચારીઓનો માસિક પગાર ૪૪,૦૦૦ રૂપિયા કે તેથી ઓછો છે તેમને ૬,૮૦૦ રૂપિયાનું એડ-હોક બોનસ મળશે. વર્ષ ૨૦૨૪માં તેમનું એડ-હોક બોનસ ૬,૦૦૦ રૂપિયા હતું. ત્યારે પગારની ઉપલી મર્યાદા દર મહિને ૪૨ હજાર હતી.

ગયા વર્ષની સરખામણીમાં તહેવારની એડવાન્સ રકમમાં પણ વધારો થયો છે. જે લોકોનો માસિક પગાર રૂ. ૪૪,૦૦૦ થી રૂ. ૫૨,૦૦૦ ની વચ્ચે છે તેમને આ વર્ષે તહેવારના એડવાન્સ તરીકે રૂ. ૨૦,૦૦૦ મળશે. ગયા વર્ષે પગાર શ્રેણી ૪૨,૦૦૦ થી ૫૦,૦૦૦ રૂપિયા પ્રતિ માસ હતી. રાજ્ય સરકારે નિવૃત્ત સરકારી કર્મચારીઓ માટે તહેવાર ભથ્થાની પણ જાહેરાત કરી છે. જેઓ નિવૃત્ત થયા છે અને ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં નિવૃત્ત થવાના છે, તેમને આ ઉત્સવ ભથ્થું મળશે.

## અરવલ્લીમાં સરકારી જમીનમાં જ ગાંજાનું વાવેતર, તલાટીને ફટકારાઈ નોટીસ



અરવલ્લી

અરવલ્લી જિલ્લાના હાથીખાંટના મુવાડામાં મકાઈના વાવેતરની આડમાં ગાંજાનું વાવેતર કરવામાં આવ્યું હતું.જે ખેતરમાં ગાંજાનું વાવેતર કરવામાં આવ્યું તે ખેતર સરકારી રેકર્ડ ઉપર શ્રીસરકારના નામે નીકળ્યું છે. આ ઘટનામાં તલાટીને નોટિસ ફટકારી જવાબ માંગવામાં આવ્યો છે. મહત્ત્વપૂર્ણ છે કે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ અરવલ્લી પોલીસની પ્રશંસા કરતા વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો.

અરવલ્લીના હાથીખાંટના મુવાડા ગામમાં મકાઈના વાવેતરની આડમાં ગાંજાનું મોટાપ્રમાણમાં વાવેતર કરવામાં આવ્યું હતું. એલસીબીની ટીમે ડ્રોનની મદદ વડે વનસ્પતિજન્ય માદક દ્રવ્ય ગાંજાના ૩૫૦ છોડનો પ્રતિબંધિત જથ્થો ઝડપી પાડ્યો હતો. હવે જે ખેતરમાં આ ગાંજાનું વાવેતર કરાયું હતુ તે સર્વે નંબર ૨૯૬ની જમીન પૈકીનુ આ ખેતર શ્રી સરકાર રેકર્ડ ઉપર શ્રીસરકારના નામે હોવાનું પ્રાથમિક તપાસમાં જણાઈ આવતા વિવાદ વકર્યો હતો અને આ વિવાદી પ્રકરણે તપાસ હાથ ધરવા જિલ્લા અધિક કલેક્ટર દ્વારા આદેશ અપાયા હતા. અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સખવાણીયા પંચાયતના તલાટી કમમંત્રીને નોટીસ આપી ખુલાસો માંગવામાં આવ્યો હતો.

અરવલ્લી જિલ્લા કલેક્ટર રાજેશ કુચારાને પ્રાથમિક તપાસમાં હાથીખાંટના મુવાડા ગામે જે જગ્યાએ ખેતરમાં ગાંજાનું વાવેતર કરાયું હતું. તે જમીન સરકારી હોવાનું જણાઇ આવ્યું હતું અને શ્રી સરકારના નામે આવેલ આ સ્થળે કોની મંજુરીથી કબ્જો મેળવાયો? કોની મંજુરીથી વાવેતર કરાયું હતું તેવા તપાસ પ્રશ્ને તપાસ કમિટિ નીમવામાં આવી હોવાનું અધિક જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું.

## લુખ્ખા તત્વોની હવે ખેર નહીં, ગુજરાતભરના જિલ્લાઓમાં પોલીસે કોમ્બિંગ હાથ ધર્યું

અમદાવાદ

વસ્ત્રાલમાં બનેલી ઘટના બાદ ગુજરાત પોલીસ એકશન મોડમાં આવી છે. ત્યારે સમગ્ર જિલ્લાઓમાં પોલીસ દ્વારા ૧૮ માર્ચ ૨૦૨૫થી સમગ્ર શહેરમાં કોમ્બિંગ શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં દ્વારકા, સુરેન્દ્રનગર નગર અને ભુજમાં પોલીસ દ્વારા કોમ્બિંગ કરવામાં શરૂ કરવામાં આવ્યું છે.

મળતી માહિતી મુજબ દ્વારકા જિલ્લામાં અસામાજિક તત્વોને લઈ પોલીસની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં જિલ્લાના ૧૫૦ જેટલા રીઢા ગુનેગારોની યાદી તૈયાર કરાઈ છે. જેમાં પોલીસે કોમ્બિંગમાં ૩૦ જેટલા વાહનો ડિટેઈન કર્યા હતા. આ ઉપરાંત દરિયાઈ વિસ્તારમાં પણ બોટનું ચેકીંગ શરૂ કરવામાં આવ્યું હોવાની માહિતી સામે આવી છે.

બીજી તરફ કચ્છના ભુજમાં વિવિધ વિસ્તારોમાં પોલીસે કોમ્બિંગ શરૂ કર્યું છે. જેમાં પોલીસ તપાસ દરમિયાન ઘાતક હથિયારો અને નકલી સોનું મળી આવ્યું હતું. આ તપાસમાં નકલી સોનાના ૧૨ બિસ્કીટ અને બિલ વિના ૨૩ મોબાઈલ મળ્યા હતા. ત્યારે પશ્ચિમ કચ્છ પોલીસે મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી શરૂ કરી છે. આ ઘટનામાં પોલીસે બે શખ્સોની અટકાયત કરી હતી.

સુરેન્દ્રનગર જિલ્લાની વાત કરવામાં આવ તો આ જિલ્લામાં અસામાજિક તત્વો સામે પોલીસ કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં ખુદ એસપી દ્વારા રાત્રે પોલીસ કાફલા સાથે ચેકિંગ કરાયુ છે. જેમાં જિલ્લાના જોરાવનગર, રતનપર, વઢવાણ વિસ્તારોમાં પોલીસે કાર્યવાહી આદરી હતી. જેમાં ૨ દિવસમાં ૫૦ વધુ અસામાજિક તત્વો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઉપરાંત ધાંગધ્રા, સાયલાના સુદામડા ગામે અસામાજિક તત્વોના ગેરકાયદેસર રહેણાંક પર કાર્યવાહી કરાઈ હતી. જેમાં બુટલેગરો સહિતના રહેણાંક મકાનોમાં પણ તપાસ હાથ ધરાઈ છે. ત્યારે ટાંકી ચોક, જવાહર ચોક, પોપટપરા, પતરાવાળી ચોક વિસ્તારોમાં કોમ્બિંગ હાથે ધરાયું છે.

ઝાયડસ હૉસ્પિટલ વડોદરાના સુપર સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટર્સ દ્વારા આયોજીત મેગા સુપર સ્પેશ્યાલિટી કેમ્પ
લુણાવાડા ખાતે

zydus hospitals Vadodara

શનિવાર (22 માર્ચ, 2025)



ડૉ. યતિન જોષી MD, DNB (Pulmonary Medicine)
શ્વાસ અને ફેફસાં રોગોનાં નિષ્ણાંત
• ખાંસી અને ગળફામાં લોહી આવવું • એલર્જીક અસ્થમા (દમની) તકલીફ • શ્વાસની તકલીફ • રાતે નસકોરાની તકલીફ હોવી • ટીબી, ન્યુમોનિયા, કોરોના, છાતીમાં પાણી હવા ભરાઈ જવું • લંગ ફાઈબ્રોસીસ



ડૉ. ભગવતી સલગોત્રા MS. M.Ch (Neurosurgery)
મગજ અને સ્પાઈનને લગતા રોગોના નિષ્ણાંત
• મગજમાં કેન્સરની ગાંઠ • મગજમાં રસી • પિટ્યૂટરીગ્લેન્ડની ગાંઠ • ગરદન તેમજ કમરનો દુઃખાવો • મણકાનો દુઃખાવો • મણકાની ગાદી ખસવી • ચેતાતંતુની ગાંઠ • અકસ્માતમાં મણકા અને કરોડરજ્જુને નુકશાન



ડૉ. રૂચિર ગોહિલ MD, DNB (Gastroenterology)
પેટ, આંતરડા અને લીવરને લગતા તમામ રોગોના નિષ્ણાંત
• પિત્તાશયનો સોજો • પિત્તાશયમાં પથરી • પેટમાં ચાંદા • પેટમાં કેન્સર • હર્નીયા • પેટમાં ઈન્ફેક્શન • આંતરડાનું કેન્સર • આંતરડાનો સોજો • પેન્ક્રિયાજનું કેન્સર • લીવરનો સોજો • લીવરનું કેન્સર • ઉલટી અને સંડાસના ભાગે લોહી આવવું • દૂરબીન દ્વારા તપાસ

સ્થળઃ જે જે સુપર સ્પેશ્યાલીટી હૉસ્પિટલ, મોડાસા-ગોધરા હાઈવે, લુણાવાડા, મહિસાગર | સવારે 10.30 થી 1.30 સુધી | કન્સલ્ટેશન ફી ₹300/-

એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરોઃ 70690 35112, 84605 35090

ઝાયડસ હૉસ્પિટલ, અક્ષર ચોક, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા - 390 020, ગુજરાત.

મહિસાગર - છોટાઉદેપુર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, છોટાઉદેપુર, પાવીજેતપુર, કવાંટ, નસવાડી, સંખેડા અને બોડેલી
પંચમહાલ સમાચાર

# ગુજરાત અને મધ્યપ્રદેશની સરહદે આવેલ છોટાઉદેપુરના વાઘસ્થળ ડુંગરની તળેટીમાં રંગપંચમીનો મેળો ભરાયો

છોટાઉદેપુર,

છોટાઉદેપુર જીલ્લાના નજીક ગુજરાત અને મધ્યપ્રદેશ સરહદ ઉપર આવેલ વાઘસ્થળ ડુંગરની તળેટીમાં પરંપરાગત રંગપંચમીનો ભવ્ય મેળો ભરાયો હતો. છોટાઉદેપુર તેમ જ આસપાસના ગામજનોએ મેળાનો આનંદ માણવા ઊમટી પડ્યા હતા.



જૂના છોટાઉદેપુરમાં વર્ષો પહેલા ગાઢ જંગલમાં સંત વાગસુર મહારાજ રહેતા હતા. તેમણે આ ડુંગરને તળેટીમાં વર્ષો સુધી તપસ્યા કરી હતી.સ્થાનિકો ત્યારથી આ ડુંગરને વાઘસ્થળ ડુંગર કહે છે હાલમાં વાગસુર મહારાજનું મંદિર તથા તેમની સમાધિ આ સ્થળ પર આવેલા છે.

વાઘસ્થળ ડુંગર ઉપર ચઢી વર્ષોથી છોટાઉદેપુરના લોકો નાના મંદિરમાં પરંપરા મુજબ પૂજા કરે છે . હોળી પર્વ દરમિયાન લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. રંગપંચમીના મેળામાં ભારે આનંદ ઉલ્લાસ સાથે સ્થાનિકોએ લોકવાદ્યો સાથે નાચગાન કર્યું હતું. સ્થાનિકો વાઘસ્થળ ડુંગર ઉપર ચઢીને હોળી પર્વમાં રાખેલી બાધા પૂર્ણ કરી હતી. ઘેરૈયાઓ રંગપંચમીના મેળા બાદ સ્નાન કરી બાધા પૂર્ણ કરે હતી.

ગુજરાતની સરહદે આવેલ મધ્યપ્રદેશના ઝડોલી ગામના સરપંચ જયંતીભાઈ જણાવે છે કે, વર્ષોથી હોળીના તહેવાર બાદ રંગપંચમીના વાઘસ્થળે મેળો ભરાય છે. દૂર દૂરથી આદિવાસી વિસ્તારના લોકો ભેગા થતા હોય છે. ડુંગર પર ચઢીને પોતાની માનતાઓ પૂરી કરે છે. વર્ષોથી પરંપરાગત રીતે અહિયા મેળો ભરાય છે.

# નલ સે જલ યોજનામાં ભ્રષ્ટાચાર : લુણાવાડના હડમતીયા ગામમાં ન ખાડો ખોદાયો, ન પાઈપ નંખાઈ છતાંય કામ પુર્ણ બતાવી પ.૭૦ લાખ રૂપિયા ચુકવાયા

લુણાવાડા,

વડાપ્રધાનની ઘર ઘર સુધી પીવાના પાણી પહોંચાડવા નલ સે જલની યોજના મહિસાગર જિલ્લામાં ભ્રષ્ટાચારીઓ માટે દલા તરવાડીની વાડી જેવી સાબિત થઈ હતી. સૌથી વધુ આ યોજના હેઠળ મહિસાગરમાં ભ્રષ્ટાચાર થયો હોવાની વિગતો બહાર આવી હતી. જેમાં ૧૧૧ એજન્સીઓને નોટિસ આપવામાં આવી હતી. પરંતુ પરંતુ તાજેતરમાં જ એક ચોંકાવનારી માહિતી પ્રકાશમાં આવી છે. જેમાં ૪૫ ઘરની વસ્તી ધરાવતા લુણાવાડા તાલુકાના હડમતીયા ગામમાં આ યોજના મંજુર થઈ પણ ગામમાં પહેલેથી જ સંતોષકારક પાણી આવતુ હતુ. જેનો લાભ કોન્ટ્રાકટરે લીધો અને યોજનાની એક પણ પાઈપ નાંખ્યા વગર અને ખાડો ખોદ્યા વગર જ રૂપિયા રોકડા કરી લીધા હતા.

મહિસાગર જિલ્લામાં નલ સે જલ યોજના ૨૦૨૨માં સરકારી ચોપડે ૧૦૦ ટકા પુર્ણ થઈ હતી. ત્યારે આજે જે વાસ્તવિકતા છે તે કંઈક અલગ જ છે. મહત્વનુ એ છે કે, રાજયના ત્રણ મંત્રી આવ્યા અને તેમની મુલાકાત બાદ ૧૧૧ એજન્સીઓને બ્લેક લિસ્ટમાંથી કલીનચીટ આપવામાં આવી હોવાનુ પણ ચર્ચાય છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે, આજે પણ અનેક ગામોને આ યોજનાનુ એક ટીપુંય પાણી નસીબ નથી થયુ. મહિસાગર જિલ્લામાં વાસ્મો યોજના માટે કરોડો રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. પરંતુ વાસ્મોના અગાઉના અધિકારીઓ અને કોન્ટ્રાકટરોની મિલીભગતથી લાખો રૂપિયા ચાંઉ થઈ ગયા હતા. હાલમાં આ યોજનામાં થયેલ ભ્રષ્ટાચારનો ચૌંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં આ યોજના સરકારી ચોપડે તો બોલે છે પણ નથી આ ગામમાં ખાડો પડચો કે નથી પાઈપલાઈન કે નથી નળ નાંખવામાં આવ્યા, માત્ર કાગળ પર યોજના બતાવી હતી. અને જે તે સમયના અધિકારી અને કોન્ટ્રાકટરે યોજનાના રૂપિયા ચાઉં કરી લીધા હતા.

# સંખેડા તાલુકાના અમલપુર અને માંજરોલ ગામે ૯૦૦ વિઘા ગૌચર જમીન પર દબાણ : તંત્રનુ મૌન

નસવાડી,

સંખેડા તાલુકાના અમલપુર અને માંજરોલ ગામે ૨૯૦૦ વિઘા ગૌભર જમીન ઉપર દબાણો કરતા જમીનની માપણી કરવા માટે આદિવાસી સંગઠન દ્વારા ૩ માસ પહેલા મુખ્યમંત્રી અને જિલ્લા કલેકટરને અરજી કરી હતી.

છોટાઉદેપુર જિલ્લાનુ વહીવટી તંત્ર હજુ સુધી ગૌચરની જમીનની માપણી કરાવતુ નથી. જેને લઈ આદિવાસી સંગઠનના કાર્યકરોએ ફરીથી જિલ્લા કલેકટરને રજુઆત કરી છતાં તંત્ર જાગતુ નથી. સ્થાનિક આગેવાનો આ જમીન ખુલ્લી કરાવવા માટે મેદાને પડ્યા છે. માંજરોલ અને અમલપુર ગામ પાસે ૯૦૦ વિઘા ગૌચરની જમીન ઉપર આસપાસના ગામોમાં રહેતા પશુ માલિકોની જમીનમાં પશુઓને ચરાવે છે. આ જમીન ઉપર કેટલાક લોકોએ પાકા મકાનો અને ખેતી કરતા હોય અમલપુર માંજરોલ જાગૃત આદિવાસી સંગઠન દ્વારા જિલ્લા કલેકટરને અરજી કરી હતી. અરજી કરતા તાલુકા મથકના અધિકારીઓ જગ્યા ઉપર પહોંચીને જમીન માપણી કરાવીશુ તેવી ખાતરી આપી હતી. પરંતુ આજે ૩ માસ વિતી જવા છતાં માપણી ન આવતા આદિવાસી સંગઠનના આગેવાન ફીરીથી જિલ્લા કલેકટરને રજુઆત કરવા માટે પહોંચ્યા હતા. આટલી મોટી જમીન સરકારી ગૌચરની હોવા છતાં તંત્રના અધિકારીઓ દયાન આપતા નથી. આ જમીન બચાવવા માટે આજુબાજુના લોકો મેદાને પડચા છે.

# ૨૦ માર્ચ - વિશ્વ ચકલી દિવસ

# વિશ્વ ચકલી દિવસ નિમિત્તે મહીસાગર નેચર અને એડવેન્ચર ફાઉન્ડેશન અને મહીસાગર વન વિભાગ દ્વારા ૪૦૦૦ માળાનું વિતરણ કરાશે

મહીસાગર,

૨૦ માર્ચના રોજ વિશ્વ ચકલી દિવસ (વર્લ્ડ સ્પેરો ડે) તરિકે મનાવવામાં આવે છે. ઈકોસિસ્ટમમાં જૈવવિવિધતા અને વનસ્પતિ વૃદ્ધિ માટે ચકલીઓ મહત્વપૂર્ણ છે. તેઓ બીજ ખાય છે અને ઉત્સર્જન કરે છે, જે છોડના બીજ ફેલાવવામાં અને વનસ્પતિને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે. શહેરીકરણ અને કૃષિ પદ્ધતિઓમાં ફેરફારને કારણે ચકલીઓની વસ્તી ઘટી રહી છે. માટે ચકલીઓની વસ્તીને સંતુલિત રાખવા તથા દરેક માનવને ચકલીઓનું મહત્વ સમજાવવા માટે આ દિવસ ઉજવવામાં આવે છે.



ઘર ચકલી ડોમેસ્ટિક કેટેગરીમાં આવતું એક પક્ષી છે, ચકલી યુરોપ અને એશિયા ખંડમાં સામાન્ય રીતે દરેક જગ્યા પર જોવા મળે છે. આ ઉપરાંત જગતભરમાં જ્યાં જ્યાં માણસ ગયો ત્યાં આ પક્ષીઓ એનું અનુકરણ કર્યું અને અમેરિકાના મોટાભાગના સ્થાનો આફ્રિકાના કેટલાક સ્થાનો ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા તથા અન્ય નગરીય વસાહતોમાં પોતાના ઘર બનાવી રહેવાનું ચાલુ કર્યું શહેરી વિસ્તારોમાં ચકલીઓની છ પ્રકારની પ્રજાતિઓ જોવા મળે છે. આમાંથી ખાવુ સ્પેરો ને ગુજરાતમાં ચકલી અને હિન્દીમાં ગોરીયા કહેવામાં આવે છે.

ગુજરાત રાજયભરમાં પક્ષીઓને બચાવવા ઘણી જહેમત ચાલે છે. છેલ્લા ૧૦ વર્ષમાં લોકોમાં જાગૃતિ આવી છે પરિણામે ઘરમાં માળા–કુંડા જોવા મળે છે. દરેક પક્ષીઓના બચાવવા સાધનો બનાવ્યા છે. ઘર–ઘરમાં ઈન્ટિરિયર ડેકોરેશિઓનનો પણ જમાનો છે. આ સ્થિતિ વચ્ચે ચકલીઓમાં માળા–કુંડામાં પણ–મોર્ડનાઈજ્ઝેશન આવી ગયું છે. આર્ટિફિશિયલ ચકલીના માળા એટલે ચકલી ઘર દ્વારા પર્યાવરણ જાગૃતિ કામ પણ હાથમાં લેવામાં આવ્યું છે.

મહીસાગર નેચર અને એડવેન્ચર ફાઉન્ડેશન અને મહીસાગર વન વિભાગ દ્વાર ૨૦મી માર્ચ વિશ્વ ચકલી દિવસની ઉજવણી છેલ્લા ૬ વર્ષ થી ચકલીમાળા અને પક્ષીઓ માટે પાણીના કુંડાના વિતરણ દ્વારા કરવામાં આવે છે. આ વર્ષે પણ મહીસાગર નેચર અને એડવેન્ચર ફાઉન્ડેશન અને મહીસાગર વન વિભાગ દ્વાર ૨૦મી માર્ચ વિશ્વ ચકલી દિવસની ઉજવણી મહીસાગર જીલ્લામાં ૪૦૦૦ ચકલીના માળા વિતરણ કરીને ઉજવણી કરવામાં આવશે.

# નાગરિક ઉડ્ડયન મંત્રી બળવંતસિંહ રાજપુત સાથે હજ કમિટીના હોદ્દેદારોની મુલાકાત



દાહોદ,

આજરોજ ગુજરાત વિધાનસભા ખાતે હજ કમીટીના હોદ્દેદારો અને પદાધિકારીઓ દ્વારા નાગરિક ઉડ્ડયન મંત્રી બળવંતસીંહ રાજપુતની રૂબરૂ મુલાકાત કરી અને ગુજરાત રાજ્ય માંથી હજ ૨૦૨૫માં હજ પઢવા જનાર હાજીઓને અમદાવાદ એરપોટમાં ટેમીનલ T3 ને બદલે ઈન્ટરનેશનલ એરપોર્ટ ટેમીનલ T2 પરથી સીધે સીધા એરપોર્ટ ટર્મિનલ માંજ એન્ટ્રી મળે તેમજ હજ યાત્રીઓ અને સામાન ચેક ઈન ની વ્યવસ્થા અન્ય મુસાફરોની જેમ ટર્મિનલમાંજ થાય તેવી વ્યવસ્થા કરવા માટે માન. મંત્રી સમક્ષ ગુજરાત રાજ્ય હજ કમિટીના ચેરમેન ઈકબાલભાઈ સૈયદ, સદસ્ય નાહીનભાઈ કાઝી, નાસિરખાન બલોચ, આમદભાઈ જાત હજ કમિટી સચીવ આઈ.એમ.ઘાંચી સહિત હજ કમિટીના અધીકારીઓ તેમજ પદાધિકારીઓ દ્વારા રજુઆત કરવામાં આવી હતી.

# પંચમહાલ જિલ્લાના ૧૧ સેન્ટરો પર ૧૭૦૦ શિક્ષકોની ૧૫ હજારથી વધુ બોર્ડ પેપરોની ચકાસણી શરૂ

ગોધરા,

પંચમહાલમાં બોર્ડના પેપરની ચકાસણી કરવા ૧૧ સેન્ટરમાં ૧૭૦૦ શિક્ષકો કામે લાગ્યા છે. જિલ્લાના ૧૧ સેન્ટરમાં ૧૫ હજાર કરતા વધુ બોર્ડના પેપરની ચકાસણી કરી રહ્યા છે. સાથે જિલ્લા પરીક્ષા ખંડના સીસીટીવી કેમેરાના ફુટેજની ચકાસણી પણ કરી રહ્યા છે.

તાજેતરમાં ધો.–૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ પુર્ણ થઈ છે. પરીક્ષા પુર્ણ થતાં પરીણામ વહેલી તકે આપવા શિક્ષણ વિભાગે બોર્ડના પેપરની તપાસણી શરૂ કરી દીધી છે. પંચમહાલમાં ૧૧ સેન્ટર પર બોર્ડના પેપરની તપાસણી ચાલી રહી છે. વિષયવાર ૧૭૦૦ શિક્ષકો સેન્ટર પર બોર્ડના પેપરની ચકાસણી કરી રહ્યા છે. ૧૧ સેન્ટરોમાં ૧ સેન્ટર પર ધો.–૧૨ સાયન્સના પેપર, ૪ સેન્ટર પર ધો.–૧૨ આર્ટ્સના તથા ૬ સેન્ટર પર ધો.–૧૦ના પેપરની ચકાસણી ચાલી રહી છે. જેમાં ધો.–૧૨ સાયન્સના પેપરની ચકાસણી પુર્ણ થવાના આરે છે. બોર્ડના પેપરની ચકાસણી તે જ વિષયના શિક્ષકો એક ગ્રુપ બનાવીને કરે છે. જેમાં એક જ પેપરના પાર્ટ કરીને અલગ અલગ શિક્ષકો એક જ પેપરની તપાસણી કરી રહ્યા છે. જિલ્લામાં ૧૭૦૦ શિક્ષકો ૧૫ હજાર કરતા વધુ પેપરની ચકાસણી કરશે. એક પેપરની તપાસણી કરતા મિનીટ જેટલો સમય લાગે છે. પેપર ચકાસણીમાં પેપરના ૨૦ કરતા ઓછા માર્ક અને ૮૦ કરતા વધુ માર્ક આવ્યા હોય તેવા પેપરની ફરીથી ચકાસણી કો–ઓર્ડિનેટર કરે છે. બોર્ડ પેપર પર બારકોડ લગાવેલો હોવાથી કયાં જિલ્લાના કે કયાં સેન્ટરના પરીક્ષાર્થીનુ પેપર છે તે જાણી શકાતુ ન હોવાનુ જિલ્લા શિક્ષણ અધિકારીએ જણાવ્યુ છે.

# મહિસાગર જિલ્લાના જંગલ વિસ્તારમાં કુદરતી અને માનવ સર્જીત આગ તથા ગેરકાયદેસર વૃક્ષોના નિકંદન સામે તંત્ર સતર્ક

લુણાવાડા,

મહિસાગર જિલ્લામાં તમામ તાલુકામાં ઓછા–વત્તા પ્રમાણમાં જંગલ વિસ્તાર છે. જિલ્લામાં વનવિભાગ અલગ અલગ તાલુકા રેન્જ આવેલી છે. જેમાં લુણાવાડા અને ખાનપુર રેન્જમાં સામેલ છે. હોળીના તહેવાર નિમિત્તે જંગલોમાં આગ લાગવાની ઘટના બનતી હોય છે. ડુંગર બાળવાની ઘણા લોકો બાધા પણ રાખતા હોય છે. કેટલીક જગ્યાએ ગેરકાયદેસર વૃક્ષો કાપવાની કામગીરી પણ થતી હોય છે. તથા ગરમીને કારણે પણ કેટલીક વાર જંગલમાં આગ લાગી જતી હોય છે.

મહિસાગર જિલ્લાના નાયબ વન સંરક્ષક એન.વી.ચૌધરી માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટુકડીઓ બનાવી લુણાવાડા અને ખાનપુર રેન્જના જંગલ વિસ્તારમાં પહેરો ભરી આવી પ્રવૃત્તિઓ અટકાવવાનો પ્રયત્ન જુદી જુદી ટીમો દ્વારા કરાઈ રહ્યો છે. જેમાં જંગલમાં આગ લાગવાની સંભાવના અંતર્ગત વનવિભાગ સ્ટાફ દ્વારા દિવસ–રાત સતત પેટ્રોલિંગ કરી આગ તથા વૃક્ષ છેદનના બનાવો અટકાવવા માટે સતત પ્રયત્નો કરાય છે. આ ઉપરાંત પ્રાણીઓને જંગલ વિસ્તારમાં પુરતો ખોરાક અને પાણી ન મળે ત્યારે વન્યપ્રાણીઓ ખોરાક પાણી માટે રહેણાંક વિસ્તારમાં આવી જતાં હોય છે. જેથી મહિસાગર વનવિભાગ દ્વારા જંગલ વિસ્તારમાં વન પ્રાણીઓ માટે હવાડા તેમજ કુંડીઓ બનાવી પાણીના સ્ત્રોત ઉભા કરવામાં આવ્યો છે. જેમાં સમયસર અવાર નવાર પાણી ભરવામાં આવે છે.

# મહિસાગર જિલ્લાની સસ્તા અનાજની દુકાનો પર અનાજનો સ્ટોક નહિ બતાવતા વિતરણ વ્યવસ્થા ટલ્લે ચઢી

કોઠંબા, મહિસાગર જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો ઉપર કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતા રાશનના સ્ટોક ના બતાવત છેલ્લા અઠવાડિયાથી વિતરણ ખોરંભે ચઢ્યુ છે. દુકાનદારો પાસે કયારેક ખાંડનો જથ્થો તો કયારેલ ચોખાનો તો કયારેક બિલ બનાવ્યા બાદ ફરીથી અપડેટ માંગ છે. તેવી પરિસ્થિતિ ઉભી થતાં દુકાનદારો ખુબ જ મુશ્કેલીમાં મુકાયા છે.

ચાલુ માસે સરકાર દ્વારા દાળ પણ આપવામાં આવી છે. પરંતુ હજુ સુધી દુકાનો સુધી સ્ટોક પહોંચ્યો નથી. સર્વરના ધાંધિયાથી દુકાનો ઉપર ગ્રાહકોના ટોળેટોળા થઈ દુકાનદારોને હેરાન કરવામાં આવે છે. સર્વરના ધાંધિયાને લઈ સસ્તા અનાજની દુકાનો ઉપર લાઈનો લાગેલી હોય છે. ગાંધીનગર સર્વર બાબતે વારંવારની રજુઆતો કરવા છતાં દુકાનદારોની રજુઆત સાંભળવામાં આવી નહિ રહી હોવાના ગંભીર આક્ષેપો સાથે ગુજરાત રાજય રાશન વિક્રેતા સંઘના મહામંત્રી અને મહિસાગર જિલ્લા પ્રમુખ નિલેશ પટેલ દ્વારા રજુઆત કરાઈ છે.

# ઝાલોદ એસ.ટી. ડેપો માંથી દાહોદ રૂટ પર જવા માટે મુસાફરોને પડતી હાલાકી : બસ સેવા વધારવા રજૂઆત કરાઈ

ઝાલોદ,

ઝાલોદ ડેપો માંથી સાંજના ૬ થી ૭ વાગ્યા દરમ્યાન દાહોદ રૂટની બસો ન મળતાં મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડે છે. સાંજના ૬ થી ૭ દરમિયાન દાહોદ રેલ્વે સ્ટેશન પર ટ્રેન પકડવા તેમજ દાહોદ મુકામે નાઈટ ડ્યૂટી કરતા મુસાફરોને બસ સમય મુજબ ન મળતાં ભારે હાલાકી ભોગવવી પડે છે.



ઝાલોદ નગરના સામાજીક કાર્યકર્તા અને અવારનવાર સાંજના સમય દરમ્યાન દાહોદ જતા વિજય પંડિતને પણ આ સમસ્યાનો ત્રણ થી ચાર વાર સામનો કરવો પડેલ હતો તેઓએ દાહોદ દરરોજ અપડાઉન કરવાં જતા મુસાફરોને પૂછ્યું કે બસ કાયમ લેઈટ આવે છે કે શું ? ત્યારે દાહોદ નોકરી કરવા જતા મુસાફરોનો એક જ મત હતો કે બસ સમય મુજબ આવતી જ નથી તેથી અમે નોકરી પર સમય થી નથી પહોંચતા તો ત્યાં સાંભળવું પડે છે. તેમજ ઘણી વાર તો પ્રાઈવેટ વાહન કરીને પણ નોકરીના સ્થળે પહોંચવું પડે છે. ઝાલોદ તેમજ લીમડીની આસપાસના ઘણા નવયુવાન અને યુવતીઓ દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં નોકરી કરવા જાય છે. આ જોબમાં ત્રણ પાળી હોય છે જેમાં બપોરે બે વાગ્યા થી રાત્રિ ના આઠ કલાક વાળી પાળીમાં છૂટ્યા પછી દાહોદ થી ઝાલોદ પરત આવવા માટે રાત્રીના સાડા આંઠ કલાકે પણ બસ મળતી નથી તેવામાં મહિલા કર્મચારીઓને બહુ જ કઠિનાઈનો સામનો કરવો પડે છે અને ઘણી વાર પ્રાઈવેટ વ્હીકલ ભાડે કરવાની ફરજ પડે છે

આ માટે ઝાલોદ ડેપો મેનેજર નિલેશ મુનિયાને લેખિતમાં રજૂઆત કરી ઝાલોદ થી દાહોદ રાત્રીના સાડા છ વાગે તથા દાહોદ થી ઝાલોદ આવવા માટે રાત્રીના સાડા આંઠ કલાકે રેગ્યુલર બસની વ્યવસ્થા કરી આપવા વિનંતી કરી હતી.

આ અંગે ડેપો મેનેજર નિલેશ મુનિયાને એક અરજી આપી હતી. તેના જવાબમાં તેઓએ પણ તપાસ કરતા બસની અસુવીધા છે તે કબૂલ્યું હતું અને જણાવ્યું હતું કે, બસ સમય મુજબ મળી રહે તે માટે તેઓ ચોક્કસ પ્રયાસ કરશે અને આગામી થોડા દિવસમાં આ સમસ્યાનો ઉકેલ આવી જશે. આમ ઝાલોદ ડેપો મેનેજરના સારા સહકારની આશા આગામી સમયમાં રહેશે તેવી આશા મુસાફરો રાખી રહેલ છે.

## આપની આજ.......

મેષ: આજનો દિવસ તમારા માટે આનંદદાયક રહેશે. જો તમે વેપાર કરો છો તો તેમાં નફો મળવાની સંભાવના છે. આ રાશિના કેટલાક લોકો આ દિવસે રોકાણ કરવાનો વિચાર પણ બનાવી શકે છે.

વૃષભ: આજે દિવસની શરૂઆત સારી થશે. આજે તમને કાર્યસ્થળમાં પણ ઈચ્છિત પરિણામ મળશે. વરિષ્ઠ લોકો સાથે વાતચીત કરીને તમને સારું લાગશે. જો તમે સંયુક્ત પરિવારમાં રહેતા હોવ તો સાંજે ઘરમાં પાર્ટીનો માહોલ બનશે

મિથુન: આજે તમે તમારી માતાના પક્ષના લોકોને મળીને સારું અનુભવશો. જો તમે નોકરી કરતા હોવ તો આજે દિવાળી બોનસ મળવાની સંભાવના છે. વિદ્યાર્થીઓ માટે આજનો દિવસ થોડો પડકારજનક રહી શકે છે,

કર્ક: આજે ઘરની સફાઈમાં પોતાની શક્તિ લગાવી શકે છે. આજે તમે જે પણ કામ હાથમાં લેશો તેમાં સફળતા મળવાની સારી તક છે. આજે તમારી અંદર હિંમત અને પરાક્રમમાં વધારો થશે.

સિંહ: વાહન ખરીદવાનો વિચાર કરી શકે છે અને આ વિચાર પરિવારના સભ્યોની સામે પણ રાખી શકે છે. આ દિવસે આ રાશિના લોકોની માતાના સ્વાસ્થ્યમાં સારા ફેરફારો જોવા મળી શકે છે.

કન્યા: વાણીમાં મધુરતા જોવા મળી શકે છે. આજે તમે તમારા અવાજથી તમારા વિરોધીઓનું દિલ જીતવામાં પણ સફળ રહેશો. આ રાશિના કેટલાક લોકો તેમના માતા-પિતા સાથે ઘરની સજાવટનું આયોજન પણ કરતા જોવા મળે છે.

તુલા: આજે નોકરિયાત લોકોને અચાનક જ થોડુ દુર જવું પડી શકે છે. આ યાત્રા જે પણ સંબંધિત હશે તેમાં તમને સફળતા મળવાની અપેક્ષા છે. આજે તમે પરિવારના સભ્યો સાથે પણ સારો સમય પસાર કરી શકશો

વૃશ્ચિક: ભાગ્ય સાથ આપશે, જેના કારણે જે કામો અત્યાર સુધી અટકેલા હતા તે પણ પૂરા થશે. જો તમે ભૂતકાળમાં ક્યાંક રોકાણ કર્યું હોય તો તેમાંથી તમને નફો પણ મળી શકે છે.

ધન: વ્યવહારમાં સ્વતંત્રતા રહેશે. આજે વાત કર્યા વિના પણ તમને એવું લાગે છે કે જાણે કોઈ બોજ ઓછો થઈ ગયો હોય. આજે તમે નકારાત્મક વિચારોથી મુક્તિ મેળવી શકો છો.

મકર: ભૌતિકતાવાદી માનવામાં આવે છે, પરંતુ આજે તેમના વર્તનથી વિપરીત, તેમનામાં આધ્યાત્મિક બાબતો તરફ રુચિ જોવા મળે છે. આ રાશિના લોકો આજે લોકો સાથે વાત કરવાને બદલે એકાંતમાં સમય પસાર કરવાનું પસંદ કરશે.

કુંભ: આજે પોતાના જીવનસાથી સાથે સારો સમય પસાર કરશે. જેમણે તાજેતરમાં લગ્ન કર્યા છે તેઓ તેમના જીવનસાથી સાથે રોમેન્ટિક સમય પસાર કરી શકે છે.

મીન: આજે પોતાના ભોજન પર ધ્યાન આપવું પડશે, આજે બહારનો ખોરાક તમારી પાચન તંત્ર પર ખરાબ અસર કરી શકે છે. આજે કેટલાક લોકોને આજે અચાનક ધન લાભ થવાની સંભાવના છે. જો કે આજે લેવડ-દેવડના મામલામાં સાવધાની રાખવી પડશે.

## અલ્લાહ તઆલા કે પસંદીદા દોસ્ત ઔર પડોશી

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદીયલ્લાહો અન્હો સે રિવાયત હે કી રસુલલ્લાહ સલ્લલ્લા હો અલય હે વસલ્લમને ફરમાયા અલ્લાહ તઆલા કે નજદીક બેહતરીન દોસ્ત વહ હૈ જો અપને દોસ્તી કે લીયે અચ્છે હો... ઔર અલ્લાહ તઆલા કે પસંદીદા પડોશી વહ હૈ જો અપને પડીશીયો કે લીયે અચ્છે સાબિત હો અલ્લાહ તઆલા હમ સબકો અચ્છે દોસ્ત ઔર અચ્છે પડોશી બનને કી તૌફીક હે. આમીન.

(હવાલા બિસમિલ્લાહ માંથી પાન.૧૮)

તા.૨૦/૦૩/૨૦૨૫ ગુરૂવાર

ખતમે શહેરી – ૫.૨૦

વક્તે ઈફતાર – ૬.૫૧

રીપોર્ટર : મોહંમદ હુસેન મકરાણી દે.બારીઆ

# શહેરા તાલુકાની સગીરા સાથે દુષ્કર્મ આચરનાર આરોપીને પોકસો કોર્ટ દ્વારા ૨૦ વર્ષની સજા

શહેરા,

શહેરા તાલુકામાં સગીર વયની દિકરીને ભગાડી લઈ જઈ તેની સાથે દુષ્કૃત્ય આચરનાર આરોપીને પોક્સો એક્ટના ગુનામાં ગોધરાની પોકસો કોર્ટે ૨૦ વર્ષની કેદ અને રૂ.૨૦,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો હતો. સાગાવાડા ગામનો આરોપી કિશોરી ગણપતભાઈ કાંતિભાઈ સગીરાને પટાવી ફોસલાવી લગ્નની લાલચ આપી શારીરિક શોષણના ઈરાદે ફરિયાદી ભગાડી લઈ ગયો હતો. જેની ફરિયાદ શહેરા પોલીસ મથકે નોંધાઈ હતી. પોલીસે ગુનો નોંધીને આરોપીની અટક કરીને કોર્ટમાં ચાર્જશીટ કરી હતી. જે બાબતે પંચહાલના સ્પે.જજ તથા ચોથા એડિ.સેશન્સ જજ આર.જે.પટેલની કોર્ટમાં કેસ ચાલી જતાં રેકર્ડ પર જે પુરાવો આવેલ તે પુરાવો ધ્યાને લઈ અને સદર કામે મદદનીશ સરકારી વકીલ એમ.કે.દેશમુખનાએ ફરિયાદી ભોગ બનનારની, પંચોની, ડો.ની. તથા અન્ય સાહેદોની તથા તપાસ કરનાર અમલદાર આર.કે.રાજપુતની જુબાનીના આધારે વિગતવારની દલીલો કરેલી હતી. આરોપીને તકસીરવાન ઠરાવ્યા બાદ સજા માટે મદદનીશ સરકારી વકીલને સાંભળ્યા બાદ કોર્ટે આરોપી ગણપતભાઈ કાંતિભાઈ કિશોરીને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા તથા રૂ.૨૦ હજારનો દંડ ફટકાર્યો છે. જો દંડ ન ભરે તો વધુ ૬ માસની સખ્ય કેદની સજા ફટકારી હતી.

# ૨૦ જેટલા જોબ કાર્ડ શ્રમિકોએ T D Oને લેખિત રજુઆત કરી

**૧૦૦ દિવસના મહેતાંણા માટે ગસલીના જોબ કાર્ડ ધારકોની રજુઆત અંતે રોજગારી માટે ઝઉઘ લેખિત રજુઆત કરવાની નોબત આવી,**



સંજેલી

સંજેલી તાલુકા મોલી ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગસલી ખાતેના ૨૦ જેટલા જોબ કાર્ડ ધરાવતા શ્રમિકોએ પોતાના મહેનતના મહેતાંણાની માંગને સંજેલી તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરી હતી,

ગસલી ગામના શ્રમિકોએ ગ્રામ પંચાયત મોલી મા રોજગારી મેળવવા માટેની અવાર–નવાર માંગણી કરેલ હતી પરંતુ આજ કાલ કરતા હજી સુધી ગ્રામ પંચાયત દ્વારા રોજગારી ની ચુકવણી કરવામાં આવી ન હતી સરકાર ના નીતિ નિયમ મુજબ ૧૦૦ દિવસની કુટુંબમાં રોજગારીની ગેરંટી આપી હતી તે મુજબ તેઓના હકની માંગણી કરેલ હતી કુટુંબના ૨૦ જેટલા જોબ કાર્ડ ધારકોએ થતા ગ્રામજનોએ પણ રોજગારી માટેની માંગણી કરેલ હતી પરંતુ વર્ષ ૨૦૨૪–૨૫ના વર્ષની ૧૦૦ દિવસની રોજગારી કાયદેસરનો હક હતો તે મુદ્દત પુરી થતી હોવાથી ૨૦ જેટલા જોબ કાર્ડ ધારકોની બેરોજગારી ભથ્થું આપવા માટે સંજેલી તાલુકા વિકાસ અધિકારીને જોબ કાર્ડ ધારકોએ લેખિત રજુઆત કરી હતી,

# દાહોદ ખાતે સમાન સિવિલ કોડના (UCC ) અમલીકરણ પહેલા નાગરિકોના અભિપ્રાયો મેળવવા સમિતિના સભ્યોએ યોજી બેઠક

દાહોદ,

સમાન સિવિલ કોડ સંદર્ભે UCC સમિતિ દ્વારા રાજ્યના વિવિધ જીલ્લાઓની મુલાકાત લઈ લોકોના પ્રતિભાવો મેળવવામાં આવી રહ્યાં છે, જેના ભાગરૂપે આજે કલેક્ટર કચેરી ખાતે સમાન સિવિલ કોડ સમિતિની બેઠક યોજાઈ હતી. સમાન સિવિલ કોડનો ડ્રાફ્ટ તૈયાર કરવા માટે ગઈઈ સમિતિ દ્વારા નાગરિકો, અગ્રણીઓ, જન પ્રતિનિધિઓ, વિવિધ ધર્મના અગ્રણીઓના પ્રતિભાવો મેળવવામાં આવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં UCC કાયદાના અમલ માટે રાજ્ય સરકાર દ્વારા એક સમિતિની રચના કરવામાં આવી છે.

દાહોદ ખાતે સમાન સિવિલ કોડ સમિતિના સભ્યો દક્ષેશ ઠાકર અને ગીતાબેન શ્રોફની અધ્યક્ષતામાં દાહોદ જીલ્લા વહીવટી તંત્ર અને જીલ્લાના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, વિવિધ ધર્મના અગ્રણીઓ અને નાગરિકો સાથે બેઠક યોજી હતી.

સમિતિના સભ્ય ગીતાબેન શ્રોફે જણાવ્યું હતું કે, રાજ્યમાં સમાન સિવિલ કોડના અમલીકરણ પહેલા નાગરિકોના અભિપ્રાયો જાણવા ખુબ જ જરૂરી છે. સમાનતા, મહિલાઓ અને બાળકોને ધ્યાનમાં રાખીને UCC નો મુસદ્દો તૈયાર કરવામાં આવશે. નાગરિકો પાસેથી મળેલા અભિપ્રાયોના અભ્યાસ બાદ સમિતિ UCC અંગેનો વિસ્તૃત અહેવાલ સરકાર સમક્ષ રજૂ કરશે. આ ઉપરાંત સમાન નાગરિક સંહિતા એ કોઈ ધર્મ કે સમાજના રીતરિવાજો



બદલવા માટે નથી. રાજ્યમાં લગ્ન નોંધણી, છૂટાછેટા, ભરણપોષણ, લીવ ઈન રિલેશનશીપમાં તમામ માટે એકસરખા કાયદો રહે એ માટે નાગરિકો પાસેથી અભિપ્રાય મેળવવામાં આવી રહ્યા છે. તેમ શ્રોફે વધુમાં જણાવ્યુ હતું.

દક્ષેશ ઠાકરે કહ્યું હતું કે, રાજ્યનો કોઈપણ નાગરિક યુસીસી કાયદા માટે યુસીસી કમિટી, કર્મયોગી ભવન, બ્લોક નંબર – ૧,છઠ્ઠા માળ, સેક્ટર ૧૦– એ, ગાંધીનગર ખાતે પત્ર દ્વારા પોતાના વિચારો મંતવ્યો રજૂ કરી શકાશે. આ ઉપરાંત યુસીસી કાયદાના પોર્ટલ http://uccgujarat.in ઉપર પણ પોતાના સૂચન રજૂ કરી શકશે. જીલ્લાના વધુમાં વધુ નાગરિકો આ કાયદા સંબંધે પોતાના મંતવ્ય રજૂ કરવા તેમણે અનુરોધ કર્યો હતો.

જીલ્લાના વિવિધ ધર્મના અગ્રણીઓ, તબીબો, વકીલો, સામાજીક કાર્યકરો, સામાજીક સંસ્થઓના પ્રતિનિધિઓ દ્વારા લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ, મિલકતના અધિકારો, ધર્મ આધારિત કૌટુંબિક કાયદાઓ, લીવ–ઈન રિલેશનશિપ માં મહિલાઓના અધિકારો, નાણાંકીય સહાય તેમજ વારસાના અધિકારોનું રક્ષણ જેવા વિષયો પર UCC સમિતિ સમક્ષ પોતાના વિચારો રજૂ કર્યા હતાં.આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી સ્મિત લોઢા, નિવાસી અધિક કલેક્ટર જે.એમ.રાવલ સહિત અધિકારીઓ, સામાજીક સંસ્થાના હોદેદારો ઉપસ્થિત રહ્યાં હતાં.

## રેતી માફિયાઓમાં ફફડાટ :

# ઝાલોદ ડીવાયએસપીએ ઓવરલોડ રેતી ભરેલા ૬ ડમ્પરો ઝડપી પાડયા, રેતી માફિયાઓમાં ફફડાટ



દાહોદ

દાહોદ જીલ્લાની ઝાલોદ પોલીસે મંગળવારે સાંજે હાઈવે પર ચેકિંગ દરમિયાન મોટી કાર્યવાહી કરી છે. ડીવાયએસપી ડી.આર.પટેલ અને તેમની ટીમે લીમડી તરફથી આવી રહેલી ૬ ઓવરલોડ રેતી ભરેલા ડમ્પરોને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલ ડમ્પરોની તપાસ દરમિયાન આ તમામ ડમપરોમાં જરૂરી દસ્તાવેજોનો અભાવ જોવા મળ્યો હતો. વધુમાં, ટ્રકોમાં નિયત કરતાં વધુ રેતી ભરેલી હતી. પોલીસે તમામ ટ્રકોને ચાલક સાથે ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે લઈ જઈને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.આ કાર્યવાહીએ રેતી માફિયાઓમાં ફફડાટ ફેલાવ્યો છે. ઉલ્લેખનીય છે કે દેવગઢ બારીઆની પાનમ નદી અને છોટાઉદેપુરની ઓરસંગ નદીમાંથી અવૈધ રેતી ખનન થઈ રહ્યું છે. રેતી માફિયાઓ રોયલ્ટીની ચોરી કરીને રાત્રિ દરમિયાન ઓવરલોડ રેતી વહન કરે છે. ઝડપાયેલી ટ્રકોના નંબર GJ20X6251, RJ03GB6633,GJ20X8911, RJ03GA7669, GJ01DV0911 અને RJ03GA7080 છે. આ ટ્રકોમાંથી ત્રણ ગુજરાત અને ત્રણ રાજસ્થાન રજીસ્ટ્રેશન ધરાવે છે.

# મહિલા ખેલાડીઓને રમતમાં મેળવેલ સિદ્ધિ માટે "મહિલા રોકડ પુરસ્કાર યોજના" માટે ઓનલાઈન અરજી કરવી

દાહોદ,

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૪–૨૫ ના વર્ષમાં વિવિધ રમતોની રાજ્યકક્ષાની શાળાકીય સ્પર્ધાઓ અં–૧૪,૧૭,૧૯ અને સ્કુલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડીયા દ્વારા આયોજીત રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં એસ.એ.જી. દ્વારા રાજ્યનું પ્રતિનિધિત્વ કરેલ (ભાગ લીધેલ) મહિલા ખેલાડીઓને કોઈ પણ એક જ રમતમાં તેમજ એક જ સિદ્ધિ માટે મહિલા રોકડ પુરસ્કાર યોજના'' માટેનું ફોર્મ ખેલાડી દ્વારા ઓનલાઈન માધ્યમથી જરૂરી પ્રમાણપત્રો (મેરિટ સર્ટિફિકેટ, આધાર કાર્ડ, કેન્સલ ચેક વગેરે) સાથે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની સાઈટ https://sportsauthority.gujarat.gov.in પર તા.૧૮/૩/૨૦૨૫ થી તા.૧૭/૪/૨૦૨૫ દરમ્યાન અરજી કરવાની રહેશે. એમ જીલ્લા રમત વિકાસ અધિકારી, જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, દેવગઢ બારિયા, જી.દાહોદ દ્વારા જણાવાયું છે.

# દાહોદના ઉસરવાણ ગામે અજાણ્યો યુવક ટેકરા પરથી પડતા નવા બનતા કંપાઉન્ડમાં સેન્ટીંગ સળીયા પેટમાં ઘુસી જતા યુવકનું મોત

દાહોદ,

દાહોદ તાલુકાના ઉસરવાણ ગામે એક અજાણ્યા વ્યક્તિ ટેકરા પરથી નીચે પડતાં નીચે નવા બનતા કંમ્પાઉન્ડ તરફ સેન્ટીંગના સળીયા અજાણ્યા યુવકના શરીરે તેમજ પેટના ભાગે ઘુસી જતાં યુવકનું ઘટના સ્થળ પર કમકમાટી ભર્યુ મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તારીખ ૧૭મી માર્ચના રોજ એક અજાણ્યા યુવક દાહોદના ઉસરવાણ ગામે માવી ફળિયા તરફ આવેલ એક ટેકરા પર ચઢ્યો હતો. જ્યાં અકસ્માતે ટેકરા પરથી અજાણ્યા યુવક પડતાની સાથે નીચે પોલીટેકનીકલ કોલેજની પાછળ નવા બનતા કંમ્પાઉન્ડની અંદર સેન્ટીંગના લોખંડના સળીયા પર પડતાંની સાથે અજાણ્યા યુવકના શરીરે તેમજ પેટના ભાગે લોખંડની સળીયા ઘુસી ગયાં હતાં. આ અકસ્માતમાં અજાણ્યા યુવકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં અને સ્થળપર લોહીલુહાણ હાલતને પગલે અજાણ્યા યુવકનું ઘટના સ્થળ પર મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળે પહોંચી ગયો હતો જ્યાં મૃતક અજાણ્યા યુવકના મૃતકને નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી અજાણ્યા મૃતક યુવકના વાલી વારસની પોલીસે શોધખોળ હાથ ધરી છે.

આ સંબંધે અનીલભાઈ હીમરાજભાઈ કિશોરીએ દાહોદ બી ડિવીઝન પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોધરા વિભાગીય કચેરી હસ્તક આવતા ગોધરા, બારીયા, દાહોદ, ઝાલોદ, સંતરામપુર, લુણાવાડા ડેપોની બસો વાયા ભુતડી ઝાંપા જતી નથી ???

દે.બારીયા,

ગુજરાત રાજ્ય પરિવહન વિભાગમાં ગોધરા વિભાગીય કચેરી તહત આવતા તમામ ડેપે જેવાં કે, દે.બારીયા, ગોધરા, લુણાવાડા, સંતરામપુર, ઝાલોદ, દાહોદ ડેપોના અનેક બસોના રૂટો લોકલ હોવા છતાં ભુતડી ઝાંપા, એસ.ટી. વિભાગની બસો વાયા ભુતડી ઝાંપા વાયા કરતી નથી. તેના કારણે ગરીબ આમ જનતાને ખાનગી ટ્રાવેલ્સમાં જવાથી આર્થિક નુકશાની વેઠ્વાનો વારો છે.

મળતી માહિતી અનુસાર અને બારીયા ડેપોની પ્રાપ્ત માહિતી અનુસાર તમામ ડેપોની બસો એકસપ્રેસ તો નહિ પરંતુ લોકલ બસોના વાયા ભુતડી ઝાંપા હોવા છતાં વાયા બસો જતી નથી. જેથી પેસેન્જર વર્ગને શુક્રવારી બજાર તથા મંગળ બજાર જતા પેસેન્જરોને વી.આઈ.પી. બળજબરી ઉતારી દેવામાં આવતા હોય છે. કેમ મોટો સવલા છે શું ? એસ.ટી. વિભાગની બસોના માલિક ડ્રાયવર કન્ડકટરો બનાવી દેવાયા છે. જેથી તેમની મનમરજી થઈ રહી છે. આ બસો બંધ થયે પાંચ–છ વર્ષ અગાઉ સીટીમાં ખોદ કાર્ય કરાયો હતો. તેના કારણે આ રૂટોને બંધ કરાયા હતા. પરંતુ ત્યારબાદ આ બસોનો વાયા ભુતડી ઝાપા બહાલ તો ઓન રેકોર્ડ ઉપર થઈ ગયો છે, પરંતુ બસોને વાયા ભુતડી ઝાપા જતી નથી. તેના ઉપરાંત બાસ્કા તથા આસોજ, જરોદ વાયા અંદર બસો જતી નથી. જેવા વિદ્યાર્થીઓને આ લોકલ બસોના ડ્રાયવર તથા કન્ડકટરો પેસેન્જરો બેસાડતા નથી. જેથી આ તમામ લોકલ બસોની આવકમાં કમી થઈ રહી છે. મનસ્વી રીતે વાયા ભુતડી ઝાપા બસો લઈ જવામાં આવતી નથી. તેની તટસ્થ તપાસ થાય તો ગરીબ આમ જનતાને બળજબરી કરીને વી.આઈ.પી. ઉતારવા પર મજબુર કરાઈ રહ્યા છે. ભુતડી ઝાંપાનો બસ સ્ટેન્ડ જાણે એસ.ટી. કર્મીઓ અનુસારે બંધ કરી દો તેવો આભાસ તેમના ફર્જ માંથી નિકળી ગયું છે. હકીકતે ભુતડી ઝાપા વાયા તેમના ટીકીટ મશીનમાં અવેબલ હશે. જેથી વિભાગીય કચેરી હસ્તક આવતા તમામ એસ.ટી.ડેપોના કર્મીઓને લેખિત આદેશ જારી કરે ભુતડી ઝાપા બસ સ્ટેન્ડ વાયા અવશ્ય કરવો તે પેસેન્જર વર્ગની માંગ ઉઠવા પામી છે.

## યુટ્યુબથી સ્કેટિંગ શીખી બિહારનો યુવાન ચારધામની યાત્રાએ :

# ૧૬૦૦ કિમી સ્કેટિંગ કરી દાહોદ પહોંચ્યો, ખરાબ આર્થિક સ્થિતિને કારણે વડોદરામાં મજૂરી કરી, હવે મહાકાલના દર્શને જશે

દાહોદ,

''મહેનત અને દ્રઢ ઈચ્છાશક્તિથી કોઈપણ સપનાને સાકાર કરી શકાય છે.'' બિહારના મુઝફ્ફરપુર જીલ્લાના ૨૦ વર્ષીય રોશનકુમાર ચૌહાણે પોતાની દ્રઢ ઈચ્છાશક્તિ અને અનોખા શોખથી સમગ્ર દેશનું ધ્યાન ખેંચ્યું છે. 'રોશન સ્કેટિંગ' તરીકે ઓળખાતા આ યુવાને સ્કેટિંગ પર ચારધામ અને ૧૨ જ્યોતિર્લિંગની યાત્રા શરૂ કરી છે.

૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ગુજરાતના વડોદરાથી શરૂ કરેલી આ યાત્રામાં તેમણે અત્યાર સુધી ૧૬૦૦ કિલોમીટરની યાત્રા પૂર્ણ કરી છે અને દાહોદ પહોંચ્યો છે. હવે તે મધ્યપ્રદેશના ઉજ્જૈન ખાતે મહાકાલના દર્શન માટે પ્રયાણ કરશે. આ યાત્રા માટે તે યુટ્યુબમાંથી સ્કેટિંગ શીખ્યો હતો. એક યુવા સ્કેટરની સંકલ્પ યાત્રા

રોશનકુમાર શિવમાતો ચૌહાણ, ૨૦ વર્ષનો યુવાન, બિહારના મુઝફ્ફરપુર જીલ્લાના ગંજ ગામનો રહેવાસી છે. ધોરણ ૧૦ સુધી અભ્યાસ કરેલા રોશનકુમારના જીવનમાં સંજોગો ભલે નબળા હોય, પરંતુ તેના સપનાને સાકાર કરવા માટેની જીદ અને હિંમત અદમ્ય છે.

પરિવાર અને પરિસ્થિતિ

રોશનકુમારના પરિવારમાં માતા, પિતા, ત્રણ ભાઈ અને એક બહેન છે. તે પરિવારનો સૌથી મોટો ભાઈ છે. પિતા મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે, અને આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં રોશનકુમારના સપનાને સાકાર કરવા માટે તેણે હિંમત ન હારી.

રોશનકુમારે સ્કેટિંગ શીખવા માટે કોઈ પ્રોફેશનલ તાલીમ લીધી નથી. યુટ્યુબ પર સ્કેટિંગના વીડિયોઝ જોઈને તેણે પોતેજ આ કળા શીખી. આ કૌશલ્ય તેના માટે માત્ર એક શોખ ન હતું, પરંતુ તે તેના જીવનના મોટા સપનાને સાકાર કરવા માટેનું સાધન બની ગયું.

ભારત ભ્રમણનો શોખ

રોશનકુમારને બાળપણથી જ ભારતના વિવિધ સ્થળોની યાત્રા કરવાનો શોખ હતો. પરંતુ પરિવારની આર્થિક પરિસ્થિતિને કારણે આ સપનાને સાકાર કરવું મુશ્કેલ બન્યું. જ્યારે તેણે ૧૨ જ્યોતિર્લિંગ અને ૪ ધામની યાત્રા માટે સ્કેટિંગ પર જવાની ઈચ્છા વ્યકત કરી, ત્યારે માતા–પિતાએ શરૂઆતમાં તેનો વિરોધ કર્યો. પરંતુ રોશનકુમારની જીદ અને સંકલ્પને જોઈને, પરિવારએ તેને એક વર્ષ માટે છૂટ આપી. યાત્રા માટે તૈયારી

યાત્રા માટે જરૂરી પૈસા ભેગા કરવા માટે રોશનકુમાર ત્રણ મહિના પહેલા ગુજરાતના વડોદરા શહેરમાં આવ્યો. ત્યાં છાણી વિસ્તારમાં એક ખાનગી



રોશન ચૌહાણ

કંપનીમાં કામ કરીને તેણે યાત્રા માટે જરૂરી ખર્ચ માટે પૈસા ભેગા કર્યા. યાત્રાની શરૂઆત ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ રોશનકુમારે વડોદરાથી પોતાની યાત્રાની શરૂઆત કરી. પ્રથમ તે સોમનાથ મહાદેવના દર્શન કરવા ગયો હતો. ત્યારબાદ દ્વારકા, નાગેશ્વર મહાદેવ અને બેટ દ્વારકા સુધીની યાત્રા કરી. ત્યાંથી જામનગર, રાજકોટ, અમદાવાદ અને દાહોદ થઈને તે ઉજ્જૈન મહાકાલના દર્શન માટે આગળ વધ્યો છે. અગાઉની યાત્રા આ પહેલા, જૂન ૨૦૨૪માં, રોશનકુમારે બિહારના ગંજથી ૧૧૦૦ કિલોમીટરની સ્કેટિંગ યાત્રા કરી કેદારનાથના દર્શન કર્યા હતા.

યાત્રાના પડકારો યાત્રા દરમિયાન રોશનકુમારે અનેક પડકારોનો સામનો કર્યો. તુટેલા રસ્તાઓના કારણે સ્કેટિંગ કરવું મુશ્કેલ બન્યું. ક્યાંક રોકાવાની વ્યવસ્થા મળી, તો ક્યાંક તેને ખુલ્લા આકાશ નીચે રાત વિતાવવી પડી. છતાં, તેના સંકલ્પમાં કોઈ ખોટ ન આવી. સંકલ્પ અને હિંમત રોશનકુમારનો સંકલ્પ છે કે તે એક વર્ષમાં ૧૨ જ્યોતિર્લિંગ અને ૪ ધામની યાત્રા પૂર્ણ કરશે. આ યાત્રા માત્ર એક ધાર્મિક યાત્રા નથી, પરંતુ તે રોશનકુમારના જીવનના સપનાને સાકાર કરવા માટેની એક પ્રેરણાદાયક સફર છે.અન્ય માટે પ્રેરણાદાયક યુવા રોશનકુમારની આ યાત્રા માત્ર તેના માટે જ નહીં, પરંતુ દરેક યુવાન માટે પ્રેરણાદાયક છે. તે દર્શાવે છે કે, જો મનમાં સંકલ્પ અને હિંમત હોય, તો કોઈપણ સંજોગો તમારા સપનાને સાકાર કરવામાં અવરોધ બની શકતા નથી.

# દે.બારીયા અને ધાનપુર તાલુકાના ગામોમાં ૬ મકાનોમાં આગ લાગતાં ભારે નુકશાન

દાહોદ,

દાહોદ જીલ્લાના ધાનપુર અને દેવગઢ બારીયા તાલુકાના ત્રણ ગામોમાં અગમ્ય કારણોસર આગ લાગતાં દોડધામ મચી હતી. ધાનપુરના પુનાકોટા ગામે ચાર મકાનોમાં આગ લાગી હતી. તો દેવગઢ બારીયા ઉદાવાડા ગામે બે મકાનમાં આગ લાગી હતી. ઉજવણ ગામે પણ એક ખેતરમાં પશુઓ માટે મુકેલા ઘાસમાં આગ લાગવાનાં બનાવ બન્યા હતા. આ આગ લાગતાં આગ લાગવાના બનાવ બન્યા હતા. આ આગ લાગતાં દેવગઢ



બારીયા અને ગોધરા ફાયર વિભાગની મદદથી આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો હતો. જો કે, આગમાં મકાનોને તે ભારે નુકસાન થયું હતુ. પરંતુ કોઈ જાનહાની થઈ ન હતી.

ધાનપુર તાલુકાના પુનાકોટાગામે અચાનક અગમ્ય કારણોસર એક સાથે ચાર મકાનમાં આગ લાગતા દોડધામ મચી હતી. દેવગઢ બારીયા ફાયરને જાણ કરાતા ફાયરે આવી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. તો દેવગઢ બારીયા ના ઉદાવાડા ગામે બે મકાનોમાં અગમ્ય કારણોસર આગ લાગી હતી, તો ઉજવણ ગામે પણ એક ખેતરમાં પશુઓ માટે મુકેલા ઘાસમાં આગ લાગતા દોડધામ મચી હતી. આ ઘટના બનતા ગોધરા ફાયરને બોલાવાયો હતો. ફાયરે પાણીનો મારો કરી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગની આ ત્રણ ઘટના માં મકાનોને ભારે નુકસાન થયું હતુ. પરંતુ કોઈ પણ જાનહાની ન થતાં હાશકારો થયો હતો. આગની ઘટનાને પગલે સમગ્ર વિસ્તારોમાં સ્તબ્ધતા સાથે ચકચાર મચી જવા પામી હતી.

# ગરબાડા તાલુકાના ગુંગરડી ગામના માળ ફળિયામાં મકાઈના ખેતરમાં ફરીવાર દીપડો જોવાતા ગ્રામજનોમાં ફફડાટ

ગરબાડા,

હાલમાં થોડા સમય પહેલા જ વન વિભાગ દ્વારા ગરબાડા તાલુકાના નળવાઈ ગામેથી એક ચાર વર્ષના દીપડાને પાંજરે પુરી ને દેવગઢબારિયા ખાતે રેસ્ક્યુ કરવામાં આવ્યો હતો ઉલ્લેખનીય છે કે ખોરાક અને પાણી નિ શોધમાં વન્ય પ્રાણી દિપડાઓ અવાર નવાર માનવ વસાહતમાં આવી ચડતા હોવાની ઘટનાઓ બનતી જ રહે છે. ત્યારે તારીખ ૧૯ મીના ગરબાડા તાલુકાના ગુંગરડી ગામના માળ ફળિયામાં વહેલી સવારે નવ વાગ્યાના આરસમાં મકાઈના ખેતરમાં દીપડો જોવા મળતા ગામમાં નાસ ભાગ મચી જવા પામી હતી. સ્થાનિકો દ્વારા ઘટનાની જાણ ગરબાડા વન વિભાગને કરવામાં આવતા વન વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને દીપડાને પકડવા માટે પાંજરૂં મુકવામાં આવ્યું હતું. તેમજ મકાઈને ખેતર ને નેટ ની જાળી થી કોર્ડન પણ કરવામાં આવ્યું છે. જોકે, ભારે હો હા થવાના કારણે એકદમ આ દીપડો પકડાઈ તેમ લાગી રહ્યું નથી, પરંતુ રાતના સમયે તે આ જાળી માં અથવા તો પાંજરે પુરાઈ પણ શકે છે. હાલ ઉનાળાની શરૂઆત થઈ છે, જેના કારણે પાણીના અવડાઓ સુકાવા મડ્યા જેથી દીપડા સહિત હિંસક પ્રાણીઓ માનવ વસાહતમાં આવી ચડતા હોય છે.ગરબાડા તાલુકાના ગુંગરડી



ગામના માળ ફળિયામાં મકાઈના ખેતરમાં વન્યપ્રાણી દીપડો જોવા મળતા વન વિભાગની ટીમ દ્વારા દીપડાને પકડવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

# ફતેપુરાના લીમડીયા ગામે બે બાઈકો વચ્ચે અકસ્માતમાં એક બાઈક ચાલકનું મોત

દાહોદ,

દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના લીમડીયા ગામે બે મોટરસાઈકલો સામસામે ધડાકાભેર અથડાતાં જેમાં એક મોટરસાઈકલના ચાલકનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.ગત તા.૧૭મી માર્ચના રોજ એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી સામેથી મોટરસાઈકલ લઈ આવી રહેલા સંજયભાઈ તેરસીંગભાઈ બરજોડ (રહે.વલુંડી, નાનીશેરો ફળિયું, તા.ફતેપુરા, જી.દાહોદ) ની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં સંજયભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયા હતાં જેને પગલે સંજયભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું.આ સંબંધે ગવજીભાઈ ભુરાભાઈ બરજોડે ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.176

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# હાલોલ બીઓબી બ્રાન્ચ માંથી સોના દાગીના મુકી લોન લીધી હતી લોન ભરવા જતા ગ્રાહકને બેંકે તમે દાગીના લઈ ગયાનું કહેતા અનેક ધકકા બાદ પોલીસ ફરિયાદ

હાલોલ,

હાલોલ તાલુકાના રવાલીયા ગામના વ્યકિતએ હાલોલ બી.ઓ.બી. બેંકમાં જનરેટર ખરીદવા માટે ૬૦.૬૨ ગ્રામ સોના દાગીના મુકીને રૂા.૨.૫૦લાખની ગોલ્ડ લોન લીધી હતી. ૧૨ જાન્યુઆરી ૨૦૨૪ લીધેલ લોનની મુદ્દત પુરી થતાં વ્યાજ સહિતની રૂા.૨.૭૧ લાખ ભરવા ગયા ત્યારે બેંક માંથી કહેવામાં આવ્યું કે, તમે દાગીના લઈ ગયા છો. આમ બે મહિના ધકકા બાદ ભોગ બનેલ વ્યકિતએ હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

વિસ્તૃત વિગતો મુજબ હાલોલ તાલુકાના રવાલીયા ગામે રહેતા અંકિત રમેશભાઈ પરમાર એ જનરેટર ખરીદવા માટે હાલોલ યુવરાજ હોટલ પાસે આવેલ બી.ઓ.બી. બ્રાન્ચમાં ૬૦.૫૨ ગ્રામ સોનાના દાગીના મુકીને ૧૨ જાન્યુઆર ૨૦૨૪ના રોજ રૂા. ૨.૫૦ લાખની લોન લીધી હતી. લોનની મુદ્દત પુરી થતાં અંકિત પરમાર રૂા.૨.૭૧ લાખ ભરવા માટે બી.ઓ.બી. બેંકમાં ગયા હતા. ત્યારે બેંક દ્વારા જણાવ્યું કે, તેમના દાગીના મળી રહ્યા નથી. બેંક દ્વારા દાગીના શોધવા માટે સમય માંગ્યો ચાર દિવસ પછી અંકિત પરમાર બેંકમાં ગયા હતા. ત્યારે ગોલ્ડ લોન વિભાગની મહિલા કર્મચારીએ તેમને જણાવ્યું કે, તેઓ પોતાના દાગીના લઈ ગયા છે. બેંકે રજીસ્ટરમાં અંકિતની સહી બતાવી જે અંકિતના કહેવા મુજબ ખોટી છે. અંકિતનો આરોપ છે કે, બેંકના કર્મચારીએ તેમના દાગીનાની ચોરી કરી છે અને બે મહિનાથી બેંકના ધકકા ખાઈ રહ્યા છે. બેંકના મેનેજર દાગીનાના બદલામાં રોકડ રકમ આપવાની વાત કરી પરંતુ ઓછી રકમ આપવાનું કહેતા હાલોલ પોલીસ મથકે અંકિત પરમારે ફરિયાદ નોંધાવી છે.

# ગોધરા ખાતે એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજાયો



પંચમહાલ,

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની ગોધરામાં આવેલ કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજ ખાતે પુનઃપ્રાપ્ય ઉર્જા સ્રોતોનું બાગાયતી પાકોમાં મહત્વ વિષય પર એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજના આચાર્ય અને વિદયાશાખાઅદયક્ષ ડો.આર.સુબ્બૈયાહના માર્ગદર્શન હેઠળ એડવાન્સડ સેન્ટર ફોર રિસર્ચ એન્ડ ટ્રેઈનર્સ ટ્રેઈનીંગ ઓન એગ્રિકલ્ચરલ એંજીનિયરિંગ બેજડ ઈન્ટરવેનશન્સ યોજના અંતર્ગત રિન્યુએબલ એનર્જી એંન્જીનિયરિંગ વિભાગ અને HRT-4 યોજના, નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, દાહોદના સંયુકત ઉપક્રમે રિન્યુએબલ એનર્જી એંન્જીનિયરિંગ વિભાગ ખાતે યોજાયેલ આ તાલિમ કાર્યક્રમમાં તાલીમાર્થીઓને પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્રોતોથી ચાલતા જુદા જુદા સાધનો અંગે જાણકારી આપવામાં આવી હતી. જેમાં ખેડુતોને સોલર પમ્પિંગ દ્વારા બાગાયતી પાકોમાં પિયત તેમજ ઈન્સેકટ ટ્રેપિંગ સિસ્ટમ, એગ્રી વોલ્ટીક, સોલાર ડ્રાયર, બાયોચાર અને બાયોમાસના વ્યવસ્થાપન કેવી રીતે કરી શકાય તેના વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

કોલેજના પ્રાદયાપક ડો.ડી.કે.વ્યાસ દ્વારા બાગાયતી પાકોમાં સોલારથી ચાલતા વિવિધ સાધનોનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે અંગે તથા મદદનીશ પ્રાદયાપક ડો.જે.શ્રવણકુમાર દ્વારા સોલાર ડ્રાયરની મદદથી ઉચ્ચ કિંમત ધરાવતા બાગાયતી પાકોની સૌરઉર્જાથી સુકવણી અંગે ખેડુતોને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# ગોધરા તાલુકાના ખજુરી ગામે બાઈક ચાલક આગળ ચાલતી બાઈકને ટકકર મારી ચાલકને ઈજાઓ પહોંચાડતા મોત નિપજયું

ગોધરા,

ગોધરા તાલુકાના ખજુરી ગામે આરોપી પોતાની બાઈક પુરઝડપે હંકારી લાવ્યો હતો અને આગળ ચાલતી બાઈકને પાછળથી અથડાવી અકસ્માત સર્જાતા બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવા ગુનો કર્યાની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકે નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ખજુરી ગામે રોડ ઉપર પસાર થતી બાઈક નંબર જીજે.૧૭.સીએચ.૨૯૦૦ના આરોપી ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવ્યો હતો અને આગળ ચાલતી બાઈક નંબર જીજે.૧૭.સીસી.૭૨૪૧ને પાછળથી ટકકર મારી અકસ્માત સર્જાતા બાઈક ચાલક ભારતસિંહ રયજીભાઈ નાયક રોડ ઉપર પડી જતાં મોઢાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ચાલકનું મોત નિપજાવા પામ્યું હતું. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે અકસ્માત સર્જનાર આરોપી બાઈક ચાલક સામે ફરિયાદ નોંધાવા પામી છે.

# ઘોઘંબા રાજગઢ ફોરેસ્ટ રેન્જના રાઉન્ડ ફોરેસ્ટરનું હાર્ટએટેકથી મોત



ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના રાજગઢ ફોરેસ્ટ વિભાગ રાઉન્ડ ફોરેસ્ટ તરીકે ફરજ બજાવતા કર્મચારી કચેરીમાં કામગીરી કરતા હતા, તે દરમિયાન સાંજના ૫.૧૫ વાગ્યાના સમયે હાર્ટ એટેક આવતાં મોત નિપજાવા પામ્યું છે.

ઘોઘંબા તાલુકાના રાજગઢ રેન્જ ફોરેસ્ટ કચેરીમાં રાઉન્ડ ફોરેસ્ટર તરીકે ફરજ બજાવતા જયેશભાઈ કાંતિભાઈ માળી કચેરીમાં દફતરી કામગીરી કરતા હતા, તે દરમિયાન સાંજના ૫.૧૫ કલાકે અચાનક હાર્ટ એટેક આવતા તેઓને ઘોઘંબા રેફરલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હાજર તબીબ દ્વારા મરણ ગયેલ જાહેર કરવામાં આવ્યા છે.

# કાલોલના ડેરોલ ગામે જાહેરમાં દારૂની મહેફીલ માણી બથૅડ પાર્ટીની ઉજવણી કરતા ત્રણ ઈસમોને કાલોલ પોલીસે પકડી પાડ્યા : બે વોન્ટેડ



કાલોલ,

કાલોલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈસ્પેક્ટર આર.ડી.ભરવાડ તથા પોલીસ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન હુમન સોર્સીસ આધારે ચોક્કસ બાતમી મળેલ કે બોરૂં રોડ થી ડેરોલ ગામ તરફ જતા રેલ્વે બ્રિજની આગળ દેરોલ ગામમાં કેટલાક ઈસમો જાહેરના બેફામ રીતના બથૅડ પાર્ટીની ઉજવણી કરી જાહેરમાં દારૂની મહેફીલ માણી લોકોમાં ભય ફેલાવી રહ્યા છે. જે ચોક્કસ મળેલ બાતમીના આધારે સદર સ્થળ ઉપર તપાસ કરતા ત્રણેક જેટલા ઈસમોએ જાહેરમાં નશો કરેલ હાલતમાં તથા દારૂની જાહેરમાં મહેફીલ માણતા જોવા મળ્યા હતા. જેથી કાલોલ પોલીસે ત્રણે ઈસમોને પકડી તેમનું નામ પૂછતાં ૧.પૃથ્વીસિંહ મનોજકુમાર ચાવડા રહે.કાલોલ તથા ૨.મંથનકુમાર સુરેશભાઈ ચૌહાણ રહે.કાછીયાની વાડી ડેરોલ સ્ટેશન રોડ કાલોલ થતા ૩.ગજેન્દ્રસિંહ ઉર્ફે ગજો રામુભાઈ પરમાર રહે.ડેરોલ ગામ આ ત્રણ ઈસમોને પકડીને કાલોલ પોલીસ સ્ટેશન ખાતે લાવી પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ હતી. જ્યારે મહેફિલમાં સામેલ અન્ય બે ઈસમો યોગેન્દ્રસિંહ દેવેન્દ્રસિંહ ચાવડા રે.કાલોલ તથા જયપાલસિંહ રાઠોડ રે. કંડાચ એમ બે ને પકડવાના બાકી કુલ પાંચ સામે ગુનો દાખલ કર્યો છે. ત્યારે વધુ મળતી માહિતી મુજબ આ દારૂની મહેફિલમાં પકડાયેલ એક ઈસમ તો ડેરોલ ગ્રામ પંચાયતનો વોર્ડ નંબર ૬નો સભ્ય હોવાનું પણ જાણવા મળેલ છે. ત્યારે ગ્રામ પંચાયતનો વોર્ડ નં. ૬નો સભ્ય કાયદાનો ખુલ્લેઆમ ભંગ કરી કાયદાના ધજાગરા ઉડાવી ઐયાશીઓ કરતા જોવા મળ્યો હતો.

# મોરવા હડફ ખાતે તાલુકા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર અને એપ્રેન્ટિસ ભરતી મેળો યોજાયો



પંચમહાલ,

જીલ્લા રોજગાર વિનિમય કચેરી,ગોધરા પંચમહાલ દ્વારા તાલુકા કક્ષાનો રોજગાર અને એપ્રેન્ટિસ ભરતી મેળો સરકારી આઈ.ટી.આઈ, મોરવા હડફ ખાતે યોજાયો હતો. જેમાં કુલ ૩૪ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી છે.

આ ભરતી મેળામાં પંચમહાલ જીલ્લાની સેટકો ઓટો સિસ્ટમ પ્રા.લી., સત્યમ ઓટો કોમ્પોન્ટસ પ્રા.લી., સુયોગ ઈલેક્ટ્રિકલ., ધમ્મા એન્ટરપ્રાઈઝ., ચૈતન્ય માઈક્રો ફાઈનાન્સ., લાઈટ માઈક્રો ફાઈનાન્સ., પ્રધાનમંત્રી કૌશલ કેન્દ્ર., અને વડોદરા જીલ્લાની યશસ્વી ફોર સ્કીલ એકેડમી સહિતની ૦૮ નોકરીદાતા કંપનીઓ દ્વારા હેલ્પર, મશીન ઓપરેટર, સેલ્સ એક્ઝિક્યુટિવ, રિલેશનશિપ મેનેજર, ફિલ્ડ ઓફિસર, ટ્રેઈની અને એપ્રન્ટીસ સહિતની ૨૫૦ જેટલી ટેકનિકલ અને નોન ટેકનિકલ ખાલી જગ્યાઓ ભરવા માટે પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

આ ભરતી મેળામાં જીલ્લા રોજગાર વિનિમય કચેરીના પ્લેસમેન્ટ ઓફિસર પ્રશાંતભાઈ રાણા દ્વારા ઉમેદવારોને પીએમ ઈન્ટર્નશીપ યોજના, એપ્રન્ટીસ માર્ગદર્શન, અગ્નિવીરની ભરતી અને સ્વરોજગારલક્ષી યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આ રોજગાર ભરતી મેળામાં વિવિધ લાયકાત અને કૌશલ ધરાવતા ૭૦ જેટલાં હાજર ઉમેદવારો પૈકી ૩૪ ઉમેદવારોની ૦૮ નોકરીદાતાઓ દ્વારા ઈન્ટરવ્યુ પ્રક્રિયાના માધ્યમથી સ્થળ ઉપર જ પ્રાથમિક પસંદગી કરવામાં આવી હોવાનું જીલ્લા રોજગાર વિનિમય કચેરી, પંચમહાલ દ્વારા એક યાદીમાં જણાવાયું છે.

# મોરવા(હ)ના સાગવાડા ગામે ૪૦ વર્ષીય યુવાને અગમ્યકારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના સાગવાડા ગામે પંચાયત ફળીયામાં રહેતા ૪૦ વર્ષીય યુવાને કોઈ અગમ્યકારણોસર પોતાના ઘરમાં પંખો લગાડવાાના હુંક ઉપર ઓઢણી બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત જીવન ટુંકાવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના સાગવાડા ગામે પંચાયત ફળીયામાં રહેતા નિલેશકુમાર રૂમાલભાઈ ભાોભર ઉ.વ.૪૦ એ તા.૧૭ માર્ચના રોજ પોતાના ઘરે હોય અને કોઈ અગમ્યકારણોસર લાગી આવતાં ઘરમાં પંખો લગાડવાના હુકમાં ઓઢણી બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી જીવન ટુંકાવી નાખેલ હોય આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

